**આજનો સુવિચાર**

સુખ શાંતિ માટે દરેકની વ્યાખ્યા જુદી હોઈ શકે, ભગવાન બુધ્ધે શાંતિની શોધમાં મહેલ છોડી દીધો અને આપણે મહેલની શોધમાં શાંતિ છોડી દીધી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૩૦ જૂનાગઢ તા.૧૯-૫-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 130, Junagadh : Date : 19 May, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ચારધામ યાત્રામાં ૨૭ દિવસમાં ૫૮ શ્રધ્ધાળુઓનાં મોત



દેહરાદુન,તા. ૧૯ : એપ્રિલ મહિનામાં શરૂ થયેલી ચારધામ યાત્રા આ વર્ષે મુશ્કેલીઓથી ભરી રહી છે. વારંવાર ખરાબ હવામાનને કારણે વહીવટીતંત્રની સાથે-સાથે શ્રદ્ધાળુઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે તે જ સમયે, દરરોજ સરેરાશ બે શ્રદ્ધાળુઓ મૃત્યુ થયા છે. અહેવાલ મુજબ, આ મૃત્યુ કાર્ડિયાક અરેસ્ટ અથવા ક્રોનિક પલ્મોનરી રોગને કારણે થયા છે. ૨૭ દિવસ દરમિયાન લગભગ ૧૦ લાખ ભક્તોએ ગઢવાલ હિમાલયમાં ૧૦ હજાર ફૂટ ઉપર સ્થિત ચાર હિમાલય મંદિરો - કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રીમાં પૂજા કરી છે.

આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર, લગભગ ૨,૪૦૦ લોકોને તેમની ખરાબ સ્વાસ્થ્ય સ્થિતિને કારણે યાત્રા પર જતા પહેલા અધિકારીઓ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી. તે લોકોને એક કાગળ પર સહી કરાવવામાં આવી હતી, જેના પર લખેલું હતું કે જો યાત્રા દરમિયાન તેમની સાથે કોઈ અપ્રિય ઘટના બને તો તેના માટે પોતે જ જવાબદાર રહેશે. ફેફસાંની સમસ્યાથી પીડિત આશરે ૭,૦૦૦ યાત્રાળુઓને સ્વાસ્થ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને હેલ્થ મોનિટરિંગ ટીમ દ્વારા પોર્ટેબલ ઓક્સિજન સિલિન્ડર આપવામાં આવ્યા હતા.

# કર્ણાટકમાં આવતીકાલે નવી સરકારની શપથવિધિ
# સિધ્ધારમૈયાએ સરકાર રચવા દાવો રજુ કર્યો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૯

કર્ણાટકમાં સિદ્ધારમૈયા કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાયા છે. સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમાર ગુરુવારે સાંજે બેંગલુરુ પહોંચ્યા હતા. ત્યારબાદ કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠક યોજાઈ હતી જયારે આજે સિધ્ધરમૈયાએ રાજયપાલને મળીને સરકાર રચવાનો દાવો રજુ કર્યો છે. કોંગ્રેસ પક્ષના નેતા તરીકે સિદ્ધારમૈયાને ચૂંટવાનો પ્રસ્તાવ ડીકે શિવકુમાર દ્વારા મૂકવામાં આવ્યો હતો, જેને ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યો હતો. ડીકે શિવકુમારના નેતૃત્વમાં રાજયપાલને મળ્યા હતા. ડીકે શિવકુમાર, સિદ્ધારમૈયા અને પાર્ટીના અન્ય નેતાઓ ૨૦ સભ્યોના પ્રતિનિધિમંડળની સાથે રહયા હતા.

આ અગાઉ ઘણા દિવસોના મંથન પછી કોંગ્રેસે સિદ્ધારમૈયાને મુખ્યમંત્રી અને ડીકે શિવકુમારને નાયબ મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કરવાની જાહેરાત કરી હતી. કર્ણાટકની નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ તા. ૨૦ મેના રોજ બેંગલુરુમાં યોજાશે. સિદ્ધારમૈયા અને શિવકુમારની સાથે અન્ય ઘણા મંત્રીઓ પણ શપથ લઈ શકે છે. કોંગ્રેસે શપથ ગ્રહણ સમારોહ માટે સમાન વિચારધારા ધરાવતા પક્ષોના નેતાઓને આમંત્રિત કર્યા છે

# વડાપ્રધાન મોદી ૬ દિવસનાં વિદેશ પ્રવાસે રવાના

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી ૬ દિવસના ત્રણ દેશોના પ્રવાસે રવાના થયા છે. નરેન્દ્ર મોદી આજે દિલ્હીથી સૌપ્રથમ જાપાનમાં જી-૭ દેશોની શિખર પરિષદની બેઠકમાં ભાગ લેવા માટે જાપાનના હિરોશીમા શહેર પહોંચશે. ઉપરાંત તેઓ જાપાનના વડાપ્રધાન ફુમીયો કિશિંદા સાથે દ્વીપક્ષી બેઠક પણ યોજશે.

હિરોશીમા મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન સહિતના વૈશ્વિક નેતાઓને મળશે. મોદી પ્રથમ વખત હિરોશીમા જઈ રહ્યા છે. તા.૧૯થી ૨૧ મે સુધી ચાલનારી આ બેઠક બાદ મોદી ૨૧ મે ના રોજ પોર્ટ મોરેસ્લી જે પપુઆ ન્યુ ગુએનાના પાટનગર તરીકે જાણીતું છે ત્યાં પહોંચશે.

આ દેશની પણ નરેન્દ્ર મોદીની પ્રથમ મુલાકાત છે. અહી ભારત પ્રશાંત ક્ષેત્ર સહયોગ ફોરમના ત્રીજા શિખર સંમેલનમાં હાજરી આપશે. અહી અમેરિકાના પ્રમુખ જો બાઈડનની પણ હાજરી નિશ્ચિત હતી પણ અમેરિકાની દેવા કટોકટીના કારણે તે રદ થઈ છે.

વડાપ્રધાન મોદી તા.૨૨ના સાંજે ઓસ્ટ્રેલિયા સીડની પહોંચશે જયાં તેઓ ઓસી. વડાપ્રધાન એંથની અલ્બનીસની સાથે દ્વીપક્ષી મંત્રણા કરશે. વાસ્તવમાં અગાઉ સીડનીમાં 'કવાડ' દેશોની શિખર પરિષદ નિશ્ચિત હતી પણ બાઈડને તેનો પ્રવાસ રદ કરતા કવાડ બેઠક પણ રદ થઈ છે. નરેન્દ્ર મોદી બાદમાં સીડનીથી નવી દિલ્હી પરત આવશે. નરેન્દ્ર મોદી તેના આ ૬ દિવસના વિદેશ પ્રવાસમાં ત્રણ દેશ ૨૪ જેટલા વિદેશી રાષ્ટ્રનેતાઓને મળશે.

# માનવ જીવન ઉપર ખતરો : વિશ્વનાં અડધાથી વધુ તળાવો -જળસ્રોત સુકાઈ રહયા છે



નવી દિલ્હી,તા. ૧૯

એક અભ્યાસ અનુસાર વિશ્વના અડધાથી વધુ મોટા સરોવરો અને જળાશયોમાં પાણી સતત ઘટી રહ્યું છે અને તે સુકાઈ જવાના આરે છે. જેના કારણે પૃથ્વીના ઘણા ભાગોમાં માનવીની ભાવિ જળ સુરક્ષા જોખમમાં આવી શકે છે. સરોવરો અને મોટા જળાશયો સુકાઈ જવાનું સૌથી મોટું કારણ વાતાવરણમાં ફેરફાર અને પાણીનો વપરાશ વધતો હોવાનું માનવામાં આવે છે. યુનિવર્સિટી ઓફ કોલોરાડો બોલ્ડરના પ્રોફેસર અને સાયન્સમાં પ્રકાશિત પેપરના સહ-લેખક બાલાજી રાજગોપાલને ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે 'વિશ્વભરના તળાવો સંકટમાં છે અને તેના દૂરગામી પરિણામો આવી શકે છે'.

બાલાજી રાજગોપાલને કહ્યું કે 'આ ખરેખર અમારું ધ્યાન આકર્ષિત કર્યું કારણ કે વિશ્વની લગભગ ૨૫ ટકા વસ્તી તળાવોના બેસિનમાં રહે છે, જે સતત સુકાઈ જવા તરફ આગળ વધી રહી છે. જેનો અર્થ છે કે લગભગ બે અબજ લોકો તેનાથી પ્રભાવિત થઈ શકે છે. રાજગોપાલને કહ્યું કે સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિકોનું ધ્યાન ચોક્કસપણે નદીઓની બગડતી સ્થિતિ પર છે. પરંતુ માનવ જળ સુરક્ષા માટે મહત્વપૂર્ણ હોવા છતાં, તળાવોની સારી રીતે દેખરેખ રાખવામાં આવતી નથી. જો કે, કેસ્પિયન સમુદ્ર અને અરલ સમુદ્ર જેવા મોટા તળાવોમાં મોટી પર્યાવરણીય આફતોએ સંશોધકો માટે આ મોટી કટોકટીનો સંકેત આપ્યો છે.

### ભારતની સૌથી મોટી જાહેરક્ષેત્રની સરકારી બેંક

# સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ રૂા.૫૦ હજાર કરોડથી વધુનો નફો નોંધાવ્યો : રેકોર્ડ

મુંબઈ તા.૧૯ :

ભારતની જાહેર ક્ષેત્રની સૌથી મોટી બેંક એવી સ્ટેટ બેંકનો નફો રૂા.૫૦,૦૦૦ કરોડને આંબી ગયો છે. આટલો જંગી નફો હાંસલ કરનારી ભારતની પ્રથમ બેંક બની છે. સ્ટેટ બેંકે માર્ચ કવાર્ટરનો ચોખ્ખો નફો રૂા.૧૬૬૯૫ ક્રરોડ જાહેર કર્યો છે. જે આગલા વર્ષનાં સમાન કવાટરમાં રૂા.૯૧૧૪ કરોડ હતો. સમગ્ર નાણાં વર્ષનો નફો રૂા.૫૦,૦૦૦ કરોડને પાર થયો છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાનાં ચેરમેન દિનેશ ખારાએ કહ્યું કે બેંક ધિરાણમાં મોટા વધારાની સાથોસાથ એસેટ ગુણવતા સુધારવાને પગલે એનપીએ જોગવાઈમાં કાપથી પરફોમન્સમાં વૃધ્ધિ છે. ચાલુ વર્ષે પણ ધિરાણ વધવાના તથા કોમોડીટીના ભાવ વ્યાજબી સ્તરે રહેવાથી પરફોર્મન્સ જળવાવાનો વિશ્વસ છે. તેઓએ કહ્યું કે નફાની દ્રષ્ટિએ બેંક માટે રેકોર્ડ બન્યો છે. નવા વર્ષે ધિરાણ દરમાં ૧૨ થી ૧૪ ટકાનાં વધારાની અપેક્ષા છે.

# તા. ૨૮ મેનાં વડાપ્રધાન મોદી નવનિર્મિત ભવ્ય સંસદ ભવનનું ઉદઘાટન કરશે

નવી દિલ્હી તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૮ મેના રોજ નવનિર્મિત સંસદ ભવનનું ઉદ્ઘાટન કરશે. ૬૪,૫૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા આ નવા સંસદ ગૃહમાં ૧૨૨૪ સાંસદો માટે બેઠક વ્યવસ્થા છે. તેના ત્રણ મુખ્ય દરવાજા છે. તેમને જ્ઞાન દ્વાર, શક્તિ દ્વાર અને કર્મ દ્વાર નામ આપવામાં આવ્યું છે.


વડાપ્રધાન મોદીએ ૨૦૨૦માં નવી સંસદ ભવનનો શિલાન્યાસ કર્યો હતો. આ નવા સંસદ ભવનમાં કોન્સ્ટિટ્યુશન હોલ, ડેમોક્રેટિક હેરિટેજ, ડાઈનિંગ એરિયા, પાર્કિંગ સ્પેસ જેવી સુવિધાઓ છે. ભારતીય બંધારણની મૂળ નકલ તેના બંધારણ સભાખંડમાં રાખવામાં આવી છે. તેમાં એક પુસ્તકાલય, અનેક મીટિંગ રૂમ છે.

# ભારતમાં આગામી પાંચ વર્ષમાં અબજોપતિઓની સંખ્યા ૧૬૧થી વધીને ૧૯૫ થઈ જશે

નવી દિલ્હી,તા. ૧૯

ભારતમાં આગામી પાંચ વર્ષમાં અબજોપતિઓની સંખ્યા ૧૬૧થી વધી ૧૯૫ થઈ જશે, જેમની સંપત્તિ ૩ કરોડ ડોલર (રૂ.૨૪૬ કરોડ)થી વધારે હોય તેવા વ્યકતિઓ (અલ્ટ્રા હાઈ નેટવર્થ ઈન્ડીવીડયુઅલ)ની સંખ્યા ૨૦૨૨થી ૨૦૨૭માં ૫૮.૪ ટકા વધી ૧૯,૧૧૯ થઈ જશે એવી આગાહી રીઅલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરી ફર્મ નાઈટ ફ્રાંકે આજે બહાર પડેલા વેલ્થ રિપોર્ટ ૨૦૨૩માં કરી છે. સૌથી મહત્વની આગાહી છે કે દેશમાં સૌથી વધુ સંપત્તિ ધરાવતા, વસતીના એક ટકા ભાગમાં હિસ્સો પામે તેવા લોકોની સંખ્યા પાંચ વર્ષમાં બમણી થઈ જશે. અલગ અલગ દેશના આર્થિક વિકાસ, માથાદીઠ આવક અને અર્થતંત્રના કદના આધારે સૌથી વધુ ધનિક એક ટકા વસતીમાં સમાવેશ માટે અલગ અલગ માપદંડ છે. ભારતમાં ૧૦ લાખ ડોલર કે રૂ.૮.૨ કરોડની સંપત્તિ હોય તેવા લોકોને સૌથી ધનિક એક ટકા વ્યકિતમાં સમાવેશ કરવામાં આવે છે. અત્યારે ૭૯,૭૧૪ લોકો આ ટોચના એક ટકામાંમાં સમાવેશ પામે છે. વર્ષ ૨૦૨૭માં તે ૧૦૭ ટકા કે બમણા થઈ ૧૬.૫ લાખ થઈ જશે. રિપોર્ટ અનુસાર, જેમની સંપત્તિ ૩ કરોડ ડોલર કરતા વધારે છે તેવા અલ્ટ્રા હાઈ નેટવર્થ ઈન્ડીવીડયુઅલની ભારતમાં અત્યારે સંખ્યા ૧૨,૦૬૯ છે.

# ગૌતમ અદાણીને ભારે ફટકો : સંપતિમાં ૧.૪૬ અબજ ડોલરનો ઘટાડો નોંધાયો



નવી દિલ્હી તા. ૧૯ : અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં બહુ મોટો ઘટાડો જોવા મળ્યો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેકસ અનુસાર, અદાણીની નેટવર્થમાં $૧.૪૬ બિલિયન એટલે કે ૧,૨૦,૮૨,૭૪,૮૩,૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. તેમની કુલ સંપત્તિ હવે $૫૨.૪ બિલિયન છે અને તે વિશ્વના સૌથી ધનિકોની યાદીમાં એક સ્થાન નીચે ૨૪મા સ્થાને આવી ગયો છે. ગયા વર્ષે અદાણી આ યાદીમાં બીજા સ્થાને પહોંચી હતી. તેમની કુલ સંપત્તિ $૧૫૦ બિલિયન સુધી પહોંચી ગઈ હતી. પરંતુ હિંડનબર્ગ રિસર્ચના રિપોર્ટને કારણે ગ્રુપના શેરમાં ભારે ઘટાડો થયો છે. આ વર્ષે અદાણીની નેટવર્થમાં $૬૮.૧ બિલિયનનો ઘટાડો થયો છે. આ વર્ષે સૌથી વધુ નેટવર્થ ગુમાવવાના મામલે અદાણી નંબર વન પર છે. ગુરૂવારે પણ ભારત અને એશિયાના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની નેટવર્થમાં પણ ઘટાડો થયો હતો. તેમની નેટવર્થ $૩૮૯ મિલિયન ઘટીને $૮૩.૬ બિલિયન થઈ છે. આ વર્ષે અંબાણીની કુલ સંપત્તિમાં $૩.૪૯ બિલિયનનો ઘટાડો થયો છે. વિશ્વના અમીરોની યાદીમાં અંબાણી ૧૩મા નંબરે છે. બીજી તરફ, મેટા પ્લેટફોર્મ્સ (અગાઉ ફેસબુક)ના સ્થાપક માર્ક ઝકરબર્ગ હવે આ યાદીમાં ૧૧માં નંબરે આવી ગયા છે. આ વર્ષે તેની નેટવર્થમાં સૌથી વધુ $૪૪.૭ બિલિયનનો વધારો થયો છે. ગુરૂવારે તેમની નેટવર્થ $૧.૫૬ બિલિયન વધીને $૯૦.૩ બિલિયન પર પહોંચી ગઈ છે. આ રીતે તે ફરી એકવાર ટોપ ૧૦માં સામેલ થવાના ઉંબરે પહોંચી ગયો છે.

### ગુજરાત સ્ટેટ કન્ઝયુમર ફોરમનો સીમાવર્તી ચુકાદો

# હોસ્પિટલો - તબિબોને ગ્રાહક અધિકાર સંગઠન પરેશાન કરી શકે નહી

વડોદરા તા. ૧૯

ગુજરાત સહિત દેશમાં ગ્રાહક સુરક્ષા સંગઠન ચલાવતા વ્યક્તિઓ તથા એન.જી.ઓ.ને તેના કાર્યક્ષેત્રની મર્યાદા સમજાવતા ગુજરાત સ્ટેટ કન્ઝયુમર્સ ફોરમે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ પ્રકારની સંસ્થામાં તબીબો કે હોસ્પીટલોને પરેશાન કરી શકે નહી. સ્વૈચ્છીક સંગઠન તરીકે ચાલતા ગ્રાહક અધિકાર સંસ્થાઓની ભૂમિકા ગ્રાહકોને તેના હકક પ્રત્યે જાગૃત કરવાની છે પણ તે આ સંસ્થાનો ઝંડો લઈને તબીબો, હોસ્પીટલો કે પછી કોઈપણ પ્રોફેશનલ કે દુકાનદારોને પરેશાન કરી શકે નહી.

વડોદરામાં 'જાગૃત નાગરીક' નામની એક ગ્રાહક અધિકાર સંગઠન દ્વારા શહેરની એક હોસ્પીટલની સામે દાખલ કરેલા કેસની સુનાવણી સમયે રાજય ફોરમે આ નિરીક્ષણ વ્યક્ત કર્યુ હતું. ધર્મેશ પુરાણી નામના એક વ્યક્તિએ વડોદરાથી ભાઈલાલ અમીન જનરલ હોસ્પીટલમાં કીડની ટ્રાન્સપ્લાંટ ઓપરેશન કરાયું હતું. જે નિષ્ફળ જતા તેણે ગ્રાહક ફોરમમાં હોસ્પીટલો તથા તબીબો અને વિમા કંપની સામે ૨૦૧૪માં કેસ દાખલ કર્યો હતો જે કીડનીની બિમારી માટે અમદાવાદની સિવિલ હોસ્પીટલમાં દાખલ હતા જયાં તેઓનું ડાયાલીસીસ થયું હતું અને તેના પિતાનું બ્લડગ્રુપ તથા અન્ય સરળતા જણાતા વડોદરાથી ભાઈલાલ અમીન જનરલ હોસ્પીટલમાં કીડની ટ્રાન્સપ્લાંટ ઓપરેશન કરાયું હતું.

જો કે ઓપરેશન નિષ્ફળ જતા તેમની કીડની પણ કાઢી નાખવી પડી હતી અને તેઓએ હોસ્પીટલ ખાતે રૂા.૮૮.૮૧ લાખનો દાવો કર્યો હતો. જો કે આ દાવામાં જાગૃત નાગરિક સંગઠને કોઈ યોગ્ય ડેટા કે માહિતી વગર જ કોઈ 'કહેવાતા' નિષ્ણાંતની મદદથી કેસ ઉભો કર્યો હોવાનું ખુલતા ફોરમે એક તરફ સમગ્ર ઓપરેશન અને પછીની સારવારમાં હોસ્પીટલ અને તબીબોની બેકાળજીનો મુદો ફગાવ્યો હતો તો બીજી તરફ આ પ્રકારે કોઈ યોગ્ય ભૂમિકા વગર હોસ્પીટલ તથા તબીબોને પરેશાન કરવા બદલ જાગૃત નાગરિક સંગઠનની ટીકા કરી હતી.

## કાશ્મીરમાં તા. ૨૨ થી ૨૪ મે સુધી જી-૨૦ બેઠક યોજાશે : લોખંડી સુરક્ષા

શ્રીનગર તા. ૧૯

કાશ્મીરમાં યોજાનારી જી-૨૦ બેઠક માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ADGP કાશ્મીર વિજય કુમારે કહ્યું કે જે બેઠક યોજાવા જઈ રહી છે તે પ્રવાસન સાથે સંબંધિત છે. આ બેઠક ૨૨ મે થી ૨૪ મે દરમિયાન યોજાશે. તેનાથી અહીં પ્રવાસન ક્ષેત્રનો વિકાસ થશે અને લોકોને ફાયદો થશે. આ માટે અમે સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા કરી છે, અમે ત્રણ સ્તરીય સુરક્ષા પ્રદાન કરીશું

# ગુજરાતમાં વર્ગ-૩ની ભરતી પરીક્ષામાં મોટા ફેરફારો : દ્વિસ્તરીય પધ્ધતિથી બે પરીક્ષા લેવાશે

ગાંધીનગર તા.૧૯ : સરકારી ભરતીઓની પરીક્ષામાં પેપરલીક, ડમીકાંડ જેવા કારસ્તાનોથી વગોવાયેલી રાજય સરકારે હવે વર્ગ-૩ની ભરતી પરીક્ષાની પદ્ધતિમાં મોટા ફેરફારો કર્યા છે. હવે દ્વિ-સ્તરીય પરીક્ષાનાં આધારે ભરતી થશે એટલુ જ નહિં વેઈટીંગ લીસ્ટ નહિં હોય અને ગુજરાતી તથા અંગ્રેજીમાં પરીક્ષા આપવા વિકલ્પ અપાશે. ઉપરાંત દર વર્ષે ખાલી પડતી જગ્યાઓની યાદી સંબંધી વિભાગોએ રાજય સરકારને આપવી પડશે. ગુજરાતમાં છેલ્લા વર્ષોમાં યોજાયેલી કેટલીક પરીક્ષામાં પેપરલીક થવાને પગલે રદ કરવાનાં ઘટનાક્રમ સર્જાયા હતા. વ્યાપક વિવાદ વચ્ચે સરકાર પર પસ્તાળ પડી હતી જેને પગલે છેલ્લે તાજેતરની બે પરીક્ષાઓ માટે ફુલપ્રુફ પ્લાન બનાવવામાં આવ્યો હતો. તલાટી સહિતની બન્ને પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. આ સિવાય ભુતકાળની પરીક્ષાઓમાં ડમીને બેસાડીને પરીક્ષા પાસ કરવા સાથે નોકરી મેળવાયાનાં કિસ્સા પ્રકાશમાં આવતા સરકારે અસરકારક કામગીરી કરી હતી. રાજયમાં વિવિધ વિભાગોમાં સેંકડો ખાલી જગ્યા ભરવા માટે આવતા દિવસોમાં પ્રક્રિયા થવાની છે તે પૂર્વે સરકાર દ્વારા વર્ગ-૩ ની ભરતી પરીક્ષામાં મોટા બદલાવ કરવામાં આવ્યા છે.

રાજય સરકારનાં જાહેરનામા પ્રમાણે હવે વર્ગ-૩ માં આવતા કલાર્ક, સીનીયર કલાર્ક, ઓફીસ આસીસ્ટંન્ટ, જેવા પદની ભરતી માટે પ્રિલીમીનરી અને મેઈન એમ બે પરીક્ષા લેવામાં આવશે.


**સ્ટાફ જોઈએ છે** અનુભવી / બિન અનુભવી — SWARAJ

સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર

જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા

અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.

મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪

શ્રી યમુના ટ્રેકટર્સ

લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

**CCSIT-JUNAGADH**

શ્રી સરસ્વતિ ઈન્ફોટેક એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત

કોલેજ ઓફ કોમ્પ્યુટર, સાયન્સ એન્ડ આઈ.ટી.

ગ્રીન સીટી, ચોબારી રેલ્વે ફાટક પાસે, બાયપાસ રોડ જૂનાગઢ

Phone: 9228006940, 7990661530

ADMISSION 2023

ધો.૧૨ પછીના ૩ વર્ષના બેચલર ડીગ્રી અભ્યાસક્રમો

B.Sc.(IT)/ B.C.A.

BSc - Microbiology - Biotechnology - Chemistry — GIRLS HOSTEL in campus

ગ્રેજયુએશન પછીનો ૧ વર્ષનો પી. જી. ડીપ્લોમા અભ્યાસક્રમ

D.M.L.T. Diploma in Medical Laboratory Technology

લાયકાત : BSc.(Micro/Biotech/Biochem/Chemistry/Botany/Zoology/Genetics/HomeSci-FN/Medi.Lab.Tech./Clinical Lab.Tech/B.Pharm/MBBS/BAMS/BHMS) with 40%

ગ્રેજયુએશન પછીના ૨ વર્ષના માસ્ટર ડીગ્રી અભ્યાસક્રમો

M.Sc. - IT & CA - Microbiology - Chemistry

**મકાન વેચવાનું છે**

જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

મો. ૯૩૭૬૬ ૦૫૫૯૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

**મધુરમ સ્કુલ** MADHURAM SCHOOL

એડિમશન ઓપન...

જ્ઞાન બનશે રીજે બેગ દીપી ઉઠશે જીવનનું દરેક ક્ષેત્ર

શિક્ષિકા બહેનો જોઈએ છે

ધો.૩માં ભણાવી શકે તેવા અનુભવી શિક્ષિકા બહેનો જોઈએ છે

Know More 97145 63268, 70163 47112

જુલાવવાડા, જૂનાગઢ.

**એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ડૉ. નિકુંજ ઠુંમર — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૭૦૯૯૮૮૯૧૦

ડૉ. મૌલિક ભાલોડીયા — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૭૦૯૯૮૮૯૧૦

**માતૃત્વ વુમન્સ હોસ્પિટલ** DEDICATED TO WOMEN'S HEALTH

ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર

M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)

સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત

+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦

આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

**લેવા-વેચવા**

લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો

મયંક એસ્ટેટ બ્રોકર

રસિકભાઈ પટેલ

મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧, ૯૪૨૭૩ ૭૭૯૧૭

### સ્વાસ્થ્ય માટે સાઇકલ સારી હોવાના સંદેશ સાથે ભારત ભ્રમણ કરતો યુવાન

# વાપીથી નિકળેલ ઓલ ઇન્ડિયામાં સાયકલથી પરિભ્રમણ કરતો યુવાન ૬૧ દિવસે દ્વારકા ભગવાન દ્વારકાધીશના દર્શને પહોંચ્યો

**સાયકલ ખુદ પોતે જાતે બનાવી ૯ ફૂટ લાંબી સાયકલ છે યુવાન કહે છે કે વર્લ્ડમાં નવ ફૂટ લાંબી સાયકલ આ એક જ છે**



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯

દ્વારકામાં પરમવીર નામનો વ્યક્તિ વાપીથી ઓલ ઈન્ડિયા સાયકલથી પરિભ્રમણ કરવા નીકળેલ આ યુવાન આજે ભગવાન દ્વારકાધીશના દર્શને પહોંચ્યો હતો. પરમવીર નામનો યુવાન ૬૧ દિવસથી સાયકલ પ્રવાસ કરી દ્વારકા પહોંચી ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા હતા. આ સાઈકલિસ્ટે બે મહિનાની જહેમતથી તેને જાતે બનાવેલી ત્રણ વ્હિલ ધરાવતી સાઈકલ ૯ ફૂટ લાંબી સાયકલ છે. પરમવીર કહે છે કે વર્લ્ડમાં નવ ફૂટ લાંબી સાયકલ આ એક જ છે. સ્વાસ્થ્ય માટે સાઈકલ સારી હોવાના સંદેશ સાથે ભરત ભ્રમણ માટે પોતે નીકળ્યો છે. સ્વાસ્થ્ય માટે સાઈકલ સારી હોવાના સૂત્ર સાથે પરમવિર ભારત ભ્રમણ સાઈકલ સાથે કરવા નીકળ્યા હોય તેઓ દ્વારકા બાદ જામનગર, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર થઈ કચ્છ બાદમાં રાજસ્થાન, હરિયાણા, પંજાબ, જમ્મુકશ્મીર તરફ જવા નિકળશે. દરેક શહેરમાં ગામમાં સારો આવકાર મળી રહ્યો છે.

# નેપાળની સગીરાના પરિવારજનોને શોધી કાઢી, મિલન કરાવતી દેવભૂમિ દ્વારકા સી.ડબલ્યુ.સી. ટીમ



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૯

ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત દેવભૂમિ દ્વારકામાં ચિલ્ડ્રન વેલ્ફેર કમિટી (સી.ડબલ્યુ.સી.)એ નેપાળની સગીરાના માતા-પિતાને શોધી કાઢી, બાળાનું પુનઃસ્થાપન કરાવ્યું હતું. આ સમગ્ર પ્રકરણની વિગત મુજબ આજથી આશરે દોઢ વર્ષ પહેલા નેપાળની મૂળ રહેવાસી એવી એક સગીર બાળા કે જે રાજકોટ ખાતે તેના ફૈબા સાથે રહેતી હતી, તેમના ફૈબા સાથે મનદુઃખ થતા તેણી ત્યાંથી ટ્રેનમાં નીકળી ગઈ હતી. બાદમાં દ્વારકા આરપીએફ (રેલવે પોલીસ)ને મળેલી આ સગીરા અંગે તેમના દ્વારા ચાઈલ્ડ લાઈન ૧૦૮ ને સગીરાનો કબજો સોંપ્યો હતો. આ સમગ્ર બાત સી.ડબ્લ્યુ.સી.ના ચેરમેન ચંદ્રશેખર બુદ્ધભટ્ટી સમક્ષ રજુ કરવામાં આવી હતી. તેણીના કોઈ વાલી-વારસો ન હોય, જેથી તેણીને જામનગર સ્થિત કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ ખાતે મોકલી આપવામાં આવી હતી. ત્યાર બાદ સગીરાનું કાઉન્સિલિંગ કરવામાં આવતા તે મુજબ તેમને રાજકોટ સગીરાના ફૈબાની તપાસ કરવામાં આવી હતી. પોલીસ એસ્કોર્ટ સાથે સગીરા પણ સાથે ગઈ હતી. રાજકોટ તપાસ કરતા તેના ફૈબા મળી આવ્યા ન હતા. આ પછી આ સગીરાએ ઘણા સમય બાદ નેપાળના એક વિસ્તારનું નામ બોલેલી હતી. જે વિસ્તાર ગૂગલ મેપના સ્ટ્રીટ વ્યૂથી સી.ડબલ્યુ.સી. કમિટી તથા કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહના સંયુક્ત પ્રયાસથી સગીરાને તેમનું લોકેશન બતાવવામાં આવ્યું હતું.

એક ઝુંપડપટ્ટી જેવા વિસ્તારનું લોકેશન તેણીએ બતાવ્યું હતું. સી.ડબલ્યુ.સી.ના ચેરમેન ચંદ્રશેખર બુદ્ધભટ્ટી નેપાળના નેશનલ ચાઈલ્ડ રાઈટ કાઉન્સિલ એનસીઆરસીના ઉપાધ્યક્ષ બમબહાદુર બન્યા તથા પોલીસ અધિક્ષક સાથે ટેલીફોનિક વાત કરી, તેમણે નેપાળ ચાઈલ્ડ લાઈનનો નંબર મેળવ્યો હતો. આ પછી નેપાળ ચાઈલ્ડ લાઈનના કો-ઓર્ડીનેટ મુકેશ કોસાવાનો સંપર્ક કરી, સતત દોઢથી બે માસ સુધી સગીરાએ બતાવેલા લોકેશન પર તપાસ કરી હતી અને છેવટે તેના માતા-પિતા મળી આવ્યા હતા. આ બાદ તેનો ઘર તપાસણી અહેવાલ ચિલ્ડ્રન વેલફેર કમિટીને સુપ્રત કરી, આ કમિટી દ્વારા નેપાળ એસએમબી તથા રાજ્ય સ્તરની કાયદેસરની પ્રક્રિયા કરી, સગીર બાળાને નેપાળ મોકલવા માટે પરવાનગી માંગી હતી. નેપાળ એમ્બેસીએ કેન ઈન્ડિયા સંસ્થા દ્વારા નેપાળમાં જઈને સુપ્રત કરી, આપીશું તેવું જણાવ્યું હતું. જેથી સી.ડબ્લ્યુ.સી.ના ચેરમેન દ્વારા દિલ્હી ખાતે સોપવા માટે પોલીસ અધિક્ષક ઉપર એસ્કોર્ટ ઓર્ડરનો હુકમ કરવામાં આવ્યો હતો. જેથી તેમણે એક એ.એસ.આઈ. પ્રતાપભાઈ ભાટીયા તથા મહિલા કોન્સ્ટેબલ ઈલાબા ખેર તથા સમાજ સુરક્ષામાંથી ટ્વિંકલબેન વ્યાસ અને ફોરમબેન રાઠોડ આ સગીરાને સાથે લઈને દિલ્હી ખાતેની નેપાળ એમ્બેસીમાં આ સગીર બાળાનો કબજો કેન ઈન્ડિયા પ્રતિનિધિ નવીન જોશીને સુપરત કર્યો હતો. તેઓ બે-ત્રણ દિવસમાં નેપાળ જઈને બાળાના ઘરે તેમના માતા પિતા સાથે મેળવીને તેમનો કબજો સોંપવામાં આવશે.

### ઉકળાટથી લોકો પરેશાન

# પશ્ચિમી પવનોના લીધે વિવિધ શહેરોમાં ભેજનું પ્રમાણ ૯૦% સુધી પહોંચ્યું

**પશ્ચિમી પવન અરબી સમુદ્ર થઈને ગુજરાતમાં આવી રહ્યા છે, જે હવાઓ ભેજ લઈને આવી રહી છે, જમીન ગરમ થવાથી અને ભેજ હોવાથી વાદળો બની રહ્યા છે**

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં એક સમયે ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો, જોકે, હવાનું વહેણ બદલાતા ગરમીનો પારો અટકી ગયો છે. પશ્ચિમ પવનો ભેજ લઈને આવતા હોવાથી લોકો ઉકળાટ અનુભવી રહ્યા છે પરંતુ ગરમીનું જોર ઘટ્યું છે. રાજ્યમાં સૌથી ઊંચું ૪૨ ડિગ્રી તાપમાન ગુરુવારે રાજકોટમાં નોંધાયું હતું. જ્યારે અમદાવાદ સહિતના શહેરોમાં પણ આકરી ગરમીના કારણે લોકો ત્રસ્ત થઈ ગયા છે. આગામી ૪ દિવસ હવામાન સૂકું રહેવાની આગાહી છે. જોકે, ક્યાં લોકલ કન્વેક્ટિવિટીના કારણે વરસાદ થવાની આછી-પાતળી સંભાવના છે. રાજ્યના આગામી ૫ દિવસના હવામાન અંગે આગાહી કરીને અમદાવાદ કેન્દ્રના વડા ડૉ. મનોરમા મોહંતીએ ગુરુવારે જણાવ્યું હતું કે, આગામી ૫ દિવસ (આજથી ૪ દિવસ) રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના છે, અને વરસાદ થવાની મોટાભાગે સંભાવના નથી. રાજ્યનું તાપમાન પણ મોટા ફેરફાર થવાની સંભાવનાઓ નથી. અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી સેલ્સિયસની આસપાસ તાપમાન નોંધાઈ રહ્યું છે. જે આગામી દિવસોમાં પણ યથાવત રહેશે. વધુમાં ડૉ. મોહંતીએ રાજ્યના હવામાન અંગે આગાહી કરીને જણાવ્યું છે કે, ગુજરાત માટે હીટવેવની વોર્નિંગ નથી, પરંતુ હીટ એક્શન પ્લાન અંતર્ગત અમદાવાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદ માટે આગામી ૪ દિવસ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ગુરુવારે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. વરસાદ અંગેની સંભાવનાઓના સવાલ પર અમદાવાદ હવામાન કેન્દ્રના ડૉ. મોહંતીએ કહ્યું છે કે, હાલ, ગુજરાતમાં વરસાદની લાવે તેવી કોઈ સિસ્ટમ એક્ટિવ નથી. જોકે, લોકલ કન્વેક્ટિવિટી એક્ટિવિટી થઈ શકે છે. હાલ ગુજરાતમાં પશ્ચિમી પવનો આવી રહ્યા છે. તેમને વાવાઝોડા અંગે સવાલ કરવામાં આવ્યો હતો કે તેમણે આવી કોઈ સિસ્ટમ સક્રીય થઈ હોવાની આગાહી કરી નથી. તેમણે કહ્યું હતું કે, હાલ પશ્ચિમી પવન અરબી સમુદ્ર થઈને ગુજરાતમાં આવી રહ્યા છે. જે હવાઓ ભેજ લઈને આવી રહી છે. જમીન ગરમ થવાથી અને ભેજ હોવાથી વાદળો બની રહ્યા છે.

જ્યાં વરસાદની સંભાવના હશે તે અંગે ત્રણ કલાક પહેલા આગાહી કરવામાં આવશે. રાજ્યમાં નલિયા, ઓખા, રાજકોટ સહિત કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ છે. રાજ્યમાં પડી રહેલી ગરમી અંગે હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી દિવસોમાં પણ તાપમાન આ પ્રમાણે જ રહેવાની સંભાવના છે, હાલ જે પ્રમાણે તાપમાન નોંધાઈ રહ્યું છે તે જોતા તેમાં સામાન્ય વધારો કે ઘટાડો થઈ શકે છે. સામાન્ય તાપમાન ૪૧-૪૨ ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતાઓ છે.

જોકે, ભેજના કારણે ગરમીનું જોર ધીમું પડી ગયું છે. રાજ્યમાં ગુરુવારે સૌથી ઊંચું ૪૨ ડિગ્રી તાપમાન રાજકોટમાં નોંધાયું હતું જ્યારે અમદાવાદ, ગાંધીનગર, અમરેલી અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે કંડલા (એરપોર્ટ), વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ભાગોમાં ભેજનું પ્રમાણ ૯૦% સુધી પહોંચી રહ્યું છે જેમાં દ્વારકા, પોરબંદર, વેરાવળ દીવ સહિતના ભાગોનો સમાવેશ થાય છે. જોકે, દિવસ ચઢતાની સાથે ભેજનું પ્રમાણ ગરમીના કારણે ઘટે છે પરંતુ સૂર્ય આથમ્યા પછી ફરી ભેજનું પ્રમાણ વધવા લાગે છે.

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૫મેથી ૫ જૂન વચ્ચે જાહેર થઈ શકે છે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું છે. હવે સામાન્ય પ્રવાહના પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. ત્યારે આગામી ૨૫મેથી ૫મી જૂન વચ્ચે પરિણામ જાહેર થાય તેવી શક્યતાઓ છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ ધોરણ ૧૦નું પરિણામ ગણતરીના દિવસોમાં જ જાહેર થઈ જશે. હાલમાં શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામની કામગીરી અંતિમ તબક્કામાં ચાલી રહી છે. વિદ્યાર્થીઓ પણ પરિણામની આતુરતા પૂર્વક રાહ જોઈને બેઠા છે.

બીજી તરફ માર્ચ-૨૦૨૩માં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરીતિ રોકવા માટે બેઠક વ્યવસ્થા સીસીટીવી કેમેરાથી સજ્જ વર્ગખંડમાં કરવામાં આવી હતી. ત્યારે વિદ્યાર્થીઓએ પરીક્ષામાં કરેલી ગેરરીતિમાં બોર્ડના ફલાઈંગ સ્કવોડમાં છટકી ગયેલા વિદ્યાર્થી હવે સીસીટીવી કેમેરાના ફૂટેજમાં ઝડપાઈ ગયા છે. જેના આધારે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરીતિ આચરનારા વિદ્યાર્થીઓ ઝડપાઈ ગયાં છે. ગેરરીતિ રોકવા માટે બનાવવામાં આવેલી અધિકારીની ફલાઈંગ સ્કવોડ માત્ર ૬૦ વિદ્યાર્થીને જ પકડી શકી છે. વર્ગખંડમાં ગોઠવાયેલા સીસીટીવી કેમેરાની ચકાસણી બાદ બોર્ડે ગેરરીતિના કેસ અલગ તારવ્યા છે. જેના કારણે જે તે વિદ્યાર્થીનાં પરિણામો અનામત રાખવામાં આવશે. હવે પછી ગેરરીતિ આચરતા પકડાયેલા વિદ્યાર્થીને નોટિસ આપીને બોર્ડના અધિકારીઓ સમક્ષ બોલાવાશે અને તેમનો ખુલાસો મેળવાયા બાદ તેમના જવાબના આધારે ગેરરીતિના કેસ માટે નિયત કરેલા નિયમોનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષા કરવામાં આવશે.

ધો.૧૦ની પરીક્ષામાં સીસીટીવી ફૂટેજના આધારે ૭૫૯ કેસ અને સ્કવોડ, સ્થળ સંચાલક, ખંડ નિરીક્ષક દ્વારા ૨૯ કેસ કરાયા છે. ધો.૧૨ સાયન્સમાં સીસીટીવી ફૂટેજના આધારે ૨૬ અને સ્કવોડ, સ્થળ સંચાલક તથા ખંડ નિરીક્ષક દ્વારા નવ કેસ કરાયા છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સીસીટીવી ફૂટેજના આધારે ૩૪૫, અન્ય દ્વારા ૨૨ કેસ કરાયા છે. તેમાં સ્કવોડ, સ્થળ સંચાલક કે ખંડ નિરીક્ષક દ્વારા પરીક્ષામાં ગેરરીતિ કરતા ધોરણ-૧૦ અને ૧૨ના માત્ર ૬૦ વિદ્યાર્થી પકડાયા છે. જ્યારે સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં, ગેરરીતિ કરતા ૧૧૩૦ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થી ઝડપાયા છે. જોકે ગેરરીતિમાં પકડાયેલા કુલ ૧૧૯૦ વિદ્યાર્થીને શિક્ષણ બોર્ડ દ્વારા તેમને જવાબ રજૂ કરવાની તક આપવામાં આવશે.

# વિજ્ઞાન જાથાના સભ્યોએ બાબાના કાર્યક્રમને મંજૂરી ન આપવા રજૂઆત કરી

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં બાબા બાગેશ્વરના દિવ્ય દરબાર સામે વિજ્ઞાન જાથાએ મોરચો માંડ્યો છે. આગામી સમયમાં જ્યારે બાગેશ્વર સરકારના ધિરેન્દ્ર શાસ્ત્રીના ગુજરાત પ્રવાસને લઈ ઠેક ઠેકાણે વિરોધ નોંધાઈ રહ્યા છે જેમાં રાજકોટમાં વિજ્ઞાન જાથાના સભ્યોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી બાબાના કાર્યક્રમને મંજૂરી ન આપવા રજૂઆત કરી છે. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ ફરી ધીરેન્દ્ર શાસ્ત્રીને પડકાર ફેંકતા કહ્યું કે અમારા ૫૦ લોકો બાબાના દરબારમાં હશે. બાબા તેમના નામ અને અન્ય બાબતો જાહેર કરી પોતાની વિશ્વસનીયતા સાબિત કરે.

બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીના કેટલાય એવા વીડિયો સામે આવ્યા છે જેમાં જે ભક્તોનું દુખ દૂર કરતાં જણાય આવે છે. જેને લઈ જયંત પંડ્યાએ આક્ષેપ કર્યો કે બાબા બાગેશ્વર સનાતન ધર્મના નામે લોકોને ગુમરાહ કરે છે. આથી તેની સામે કાર્યવાહી થવી જોઈએ. તેમણે કલકેટરને આ બાબતને લઈ આવેદન પણ આપ્યું અને કહ્યું કે આ કાર્યક્રમાંને મંજૂર આપવી નહીં જોઈએ. અમે બાબા વિરૂદ્ધ પુરાવા એકત્ર કરી રહ્યા છીએ અને તે પુરાવાઓ પોલીસ કમિશ્નરને આપીશું.

## દ્વારકામાં આઈ.પી.એલ. ઉપર સટ્ટો રમતા શખ્સને ઝડપી લેવાયો

જામખંભાળિયા તા.૧૯

દ્વારકામાં વાસુદેવ શેરી વિસ્તારમાં રહેતા અક્ષય રવિકાંતભાઈ વાયડા નામના ૨૮ વર્ષના શખ્સને પોલીસે શાકમાર્કેટ પાસેથી ગતરાત્રિના સમયે આઈ.પી.એલ. ક્રિકેટ મેચ ઉપર દિલ્હી અને પંજાબની મેચમાં હારજીતનો સટ્ટો રમતા ઝડપી લઈ, કુલ રૂપિયા ૧૫,૭૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ઉનાળુ મગફળીના વાવેતરમાં આ વર્ષે પણ ભાવનગર નંબર વન

ભાવનગર, તા.૧૯

ભાવનગર જિલ્લામાં ઉનાળુ પાકના વાવેતરમાં મુખ્ય પાક મગફળી, બાજરી અને તલ હોય છે. જેમાં ઉનાળા આરંભે જ ગરમી પડવા લાગી છે. ત્યારે કુલ વાવેતર ૫૧,૭૦૦ હેકટરમાં થયું છે. જે સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ છે. ભાવનગર જિલ્લામાં ઘાસચારાનું વાવેતર ૨૦,૦૦૦ હેક્ટરમાં થયું છે. માર્ચના આરંભે ભાવનગર જિલ્લામાં કુલ ઉનાળુ વાવેતર ૧૮,૪૦૦ હેક્ટર હતુ તે હવે વધીને ૫૧,૭૦૦ હેકટર થઈ ગયું છે. ભાવનગર જિલ્લામાં ડુંગળીનુ કુલ વાવેતર ૫૯૦૦ હેકટર થઈ ગયું છે. જિલ્લામાં ઉનાળુ વાવેતર શરૂ થયું છે. જેમાં અત્યાર સુધીમાં સૌથી વધુ બાજરીનું વાવેતર નોંધાયું છે. ત્યારબાદ મગફળી, મગ અને ડુંગળીનું વાવેતર નોંધાયું છે. આ ઉપરાંત ઘાસચારો અને શાકભાજીનું વાવેતર પણ વધ્યું છે. ભાવનગર જિલ્લામાં હાલ ઉનાળુ વાવેતર હજુ પણ શરૂ છે. ગુજરાત રાજ્યમાં ઉનાળુ વાવેતરમાં માર્ચના આરંભે મગફળીનું કુલ વાવેતર ૩૧,૧૦૦ હેકટરમાં થયું છે તેમાં એકલા ભાવનગર જિલ્લામાં કુલ વાવેતર ૭૯૦૦ હેકટરમાં થયું છે. એટલે કે ૨૫.૪૦ ટકા વાવેતર એકલા ભાવનગર જિલ્લામાં થયું છે. આમ પણ દર વર્ષે ઉનાળુ વાવેતરમાં ભાવનગર જિલ્લો મગફળીના વાવેતરમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં અગ્રતાક્રમે હોય છે. મગફળીના વાવેતરમાં સમગ્ર રાજયમાં ભાવનગર જિલ્લો આ વખતે પણ પ્રથમ ક્રમે રહ્યો છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ઉનાળુ મગફળી ના ૨,૨૩૩ ગુણીની આવક થઈ હતી. જેના મણના નીચા ભાવ ૯૫૧ રૂપિયા રહ્યા હતા અને ઉંચા ભાવ ૧૫૯૨ રૂપિયા સુધીના રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં નારિયેળના ૨૩૧૫૬ નંગની આવક થઈ હતી. મણનાં નીચા ભાવ ૪૧૫ રહ્યા હતા અને ઉંચા ભાવ ૧૭૦૦ રૂપિયા રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ચણા ના ૧૪૨ કટ્ટા ની આવક થઈ હતી. જેના એક મણના નીચા ભાવ ૬૩૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૯૯૫ રૂપિયા સુધીના રહ્યા હતા મહુવા માર્કેટિંગ યાર્ડમાં, સફેદ ડુંગળીના ૧૬૯૩૮ કટ્ટા આવક થઈ હતી. મણના નીચા ભાવ ૧૨૫ રહ્યાં હતાં અને ઊંચા ભાવ ૩૨૯ રૂપિયા રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં લાલ ડુંગળીના ૭૪૫૩ કટ્ટાની આવક થઈ હતી જેના એક મણના નીચા ભાવ ૫૦ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૩૧૯ રૂપિયા સુધીના રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ઘઉંના ૩૬૩ કટ્ટા ની આવક થઈ હતી. જેના એક મણના નીચા ભાવ ૩૮૦ રહ્યા હતા અને ઊંચા ભાવ ૭૪૯ રૂપિયા સુધીના રહ્યા હતા મહુવા માર્કેટિંગ યાર્ડમાં બાજરીના ૫૧૪ કટ્ટા ની આવક થઈ હતી. જેના એક મણના નીચા ભાવ ૩૫૨ રૂપિયા રહ્યા હતા અને ઊંચા ભાવ ૫૧૧ રૂપિયા સુધીના રહ્યા હતા. મહુવા માર્કેટિંગ યાર્ડમાં કપાસની ૧૨૪ ગાંસડીની આવક થઈ હતી જેના એક મણના નીચા ભાવ ૧૧૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા અને ઉંચા ભાવ ૧૪૬૮ સુધીના રહ્યા હતા.

# અઢી હજારમાં ૩ બહેનો રાતે વિદેશ ફરવા ઉપડી ગઈ

નવી દિલ્હી, તા.૧૯ : આજના યુવાનોની વચ્ચે નાઈટ આઉટ ખૂબ જ ટ્રેંડમાં છે. લોકો પોતાનો દોસ્તો સાથે આખીરાત હરતા ફરતા હોય છે. મસ્તી કરે છે અને ક્લબ જાય છે. પણ ત્રાણ છોકરીઓએ તો નાઈટ આઉટમાં પણ એડવેંચર કરી નાખ્યું. આ ત્રણેય છોકરીઓએ બહેનો છે અને આ ત્રણેય બહેનો નાઈટ આઉટ માટે બીજા દેશમાં પહોંચી ગઈ અને સવારે પાછી આવી ગઈ હતી. તેમની આ નાઈટ આઉટ ટ્રિપ વિશે જેમણે પણ સાંભળ્યું તે ચોંકી ગયા. લોકો તેમની આ ટ્રિપ બાદ કંઈક આવા જ એંડવેંચર કરવાનું વિચારી રહ્યા છે. ૨૪ વર્ષની બ્રોગન મૂર ઈંગ્લેન્ડ હડર્સફીલ્ડમાં રહે છે અને તે કસ્ટમર સર્વિસમાં કામ કરે છે. તેમની બે બહેનો અમેલિયા અને ઈસાબેલ કેબિન ક્રૂ તરીકે એક એરલાઈનમાં કામ કરે છે. એક દિવસ આ ત્રણેય બહેનો અચાનક રાતમાં નાઈટ આઉટનો પ્લાન બનાવ્યો. પછી તો શું હતું... ત્રણેયે પોતાના બેગ ઉપાડ્યા અને રાતના ૮ કલાકને ૨૫ મીનિટ પર લીડ્સ બ્રેડફોર્ડ એરપોર્ટથી આયર્લેન્ડની ફલાઈટ પકડીને ડબલિન પહોંચી ગઈ. ત્યાર બાદ તે ત્રણેય આયરલેન્ડમાં આખી રાત ફરી અને ખૂબ મસ્તી કરી. નાઈટ આઉટ કર્યા બાદ ત્રણેય બહેનો સવારના ૬ કલાકની ફલાઈટથી પોતાના ઘરે સવારે આવીને સુઈ પણ ગઈ. બ્રોગને જણાવ્યું કે, આ ટ્રિપ તેમની જિંદગીની સૌથી યાદગાર અને શાનદાર ટ્રિપ હતી. આ ટ્રિપને તે ૧૦માંથી ૯ પોઈન્ટ્સ આપવા માગે છે. બ્રોગને આગળ જણાવ્યું કે, તે ત્રણેય રાતના સાડા વાગ્યા સુધી ડબલિન પહોંચી ગઈ હતી. ત્યાર બાદ તે લોકો આખી રાત ડબલિનના રસ્તા પર ફરી, ત્યાં ક્લબમાં મસ્તી કરી અને સવાર થતાં જ પાછી આવી ગઈ. લોકો પોતાના દોસ્તોને ટેગ કરીને આવુ કરવાની સલાહ આપી રહ્યા છે. બ્રોગને આ સમગ્ર ટ્રિપનો ખર્ચા વિશે જણાવ્યું કે, તેમણે ફ્લાઈટની ટિકિટ પર ફક્ત ૨૫૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની આવતીકાલે દ્વારકા જિલ્લાની મુલાકાત સંદર્ભે ખાસ બેઠક યોજાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે શનિવારે દેવભૂમિ દ્વારકાના પ્રવાસે આવશે. તેમના પ્રવાસ સંદર્ભે અહીંની જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર અશોક શર્માના અધ્યક્ષ સ્થાને ખાસ બેઠક યોજાઈ હતી. કેન્દ્રિય ગૃહમંત્રી શનિવારે શારદાપીઠ ખાતે આદી શંકરાચાર્ય શ્રી સહજાનંદ સરસ્વતીજીની શુભેચ્છા મુલાકાત લેશે. ત્યાર બાદ ભગવાન દ્વારકાધીશના દર્શન કરશે. આ ઉપરાંત બપોરે બે વાગ્યે તેઓ મોજપ ખાતે નેશનલ એકેડેમી ફોર કોસ્ટલ પોલિસિંગ પરિસરનું શિલાન્યાસ કરશે. આ બેઠકમાં જિલ્લા કલેકટર દ્વારા જુદી જુદી વ્યવસ્થાઓ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આ છે દુનિયાની સૌથી મજબૂત પગવાળી મહિલા

નવી દિલ્હી, તા.૧૯

આજના જમાનામાં મહિલાઓ દરેક ફિલ્ડમાં પુરુષોને ટક્કર આપી રહી છે. પછે ભલેને કોઈ પણ ટાસ્ક હોય, જો પુરુષો તે કામ કરી શકતા હોય તો, મહિલાઓ પણ પાછળ રહેવાની નથી. પહેલાના સમયમાં અમુક ખાસ કામ હતા, જેમાં ફક્ત પુરુષોનો જ દબદબો રહેતો હતો, પણ સમયની સાથે આ ફિલ્ડમાં મહિલાઓએ પોતાની ધાક જમાવી લીધી છે. તેમાંથી એક છે ફિટનેસ વર્લ્ડ. આમ તો મહિલાઓ પાસેથી એ વાતની આશા વધારે રખાતી હોય છે કે, તે ફિગર મેંટેન કરે, પણ જ્યારે જિમ જઈએ તો, ત્યાં પુરુષોની જ ભીડ જોવા મળે છે. પણ હવે સમય બદલાતા ફિટનેસ વર્લ્ડમાં મહિલાઓએ પોતાની ધાક જમાવી છે. ફિટનેસ ઈન્ફલુએંસર રહકીના ફેંસ તેની તસ્વીરોની રાહ જોતા રહે છે. રહકી ખુદે ઈંસ્ટાગ્રામ પર સૌથી મોટા અને મજબૂત પગવાળી મહિલા તરીકે ઈંટ્રોડ્યૂઝ કરે છે. તેનો દાવો છે કે, તેનાથી વધારે મોટા પગ ઈંસ્ટાગ્રામ પર કોઈના નથી. રહકીને ક્વિન ઓફ ક્વાડ્સ, દીવા ઓફ ડેલ્ટ્સ અને મજબૂતીની મિસાલ તરીકે ઓળખવામાં આવે છે. જો આપને લાગે છે કે, મોટા ભાગ ફિટનેસ મોડલ્સ ઓનલાઈન રહે છે, રહકી પણ તેમાંથી એક છે, તો આપ ખોટા છે, તેની તસ્વીરો અને કંટેંટ બીજાથી અલગ છે. રહકીના જણાવ્યા અનુસાર, ઈંસ્ટાગ્રામ પર સૌથી મજબૂત પગ કોઈના નથી. તેની જાંઘ એટલી મજબૂત છે કે, તે તેનાથી તરબૂચ પણ ફોડી નાખે છે. રહકીને બોડી પોઝિટિવિટી માટે ઓળખવામાં આવે છે. મૂળ તો મિયામીની રહેવાસી રહકી પોતાની પોસ્ટ્સથી અન્ય મહિલાઓને ખુદને પ્યાર કરવાનો મેસેજ આપે છે. સાથે જ તે લોકોની સાથે પોતાની બોડી સ્ટ્રેંચ માર્ક્સ અને મોટાપાના નિશાન પણ શેર કરે છે. રહકી દુનિયામાં રહેલા મિથને તોડવા માટે પોસ્ટ્સ કરે છે. મોટા ભાગે દુબળી મહિલાઓને સુંદર માનવામાં આવે છે. પણ રહકી એવું માનતી નથી. તેની જાંઘ ખૂબ મોટી છે. તેની વચ્ચે રાખીને તે તરબૂચ ફોડી દે છે. રહકીએ જણાવ્યું કે, આ અગાઉ તેને ઘણા મેણા ટોણા સાંભળવા પડતા હતા. લોકો તેની બોડીને મર્દાના બોલાવતા હતા. તેના કારણે તે ખૂબ જ ડિપ્રેસ રહેતી હતી.

# રાજકોટ ખાતે યોજાનાર બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબાર કાર્યક્રમની મંજુરી રદ કરવા ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા માંગ : આવેદનપત્ર અપાયું







રાજકોટ, તા.૧૯

ભારતજન વિજ્ઞાનજાથાના ચેરમેનજયંત પંડયાએરાજયના મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી, કલેકટર રાજકોટ તેમજ પોલીસ કમિશ્નર રાજકોટનો એક આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે અને રાજકોટ ખાતે આગામી જુન માસમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્રશાસ્ત્રીનો દિવ્ય દરબારનું આયોજન થયું છે તેની મંજુર રદ કરવાની માંગણી કરી છે. આ આવેદનપત્રમાં વધુમાં જણાવેલ છે કે, ભારત જન વિજ્ઞાન જાથા રાજયમાં દાયકાઓથી વિજ્ઞાન પ્રચાર–પ્રસાર સાથે અંધશ્રદ્ધા નિર્મૂલનની કામગીરી મીશનથી કરે છે. ભારતના સંવિધાન આર્ટીકલ–૫૧એ(એચ) અન્વયે લોકોમાં વૈજ્ઞાનિક મિજાજ કેળવાય તે સંબંધી કાર્યો કરે છે. ધર્મશ્રદ્ધા સાથે ચેડા કરનારાને નૈતિક પડકાર આપી સત્યનું ઉજાગર કરે છે. લોકોમાં જનજાગૃતિ આવે તે માટે ચમત્કારોથી ચેતોના સ્ટેજ કાર્યક્રમો આપવામાં આવે છે. પરચાના નામે ભાવનાઓ સાથે ખિલવાડ કરે તેવા ઈસમો, શખ્સો પાસે રૂબરૂ જઈ નાગરિક ધર્મની રૂએ, નૈતિક પડકાર આપી સત્યનું ઉજાગર કરવાનું કામ કરવામાં આવે છે. કાયદાની મર્યાદામાં જાથા વર્ષોથી કામ કરે છે. જાથા સંસ્થા ઉપર એકપણ કેસ નથી. તટસ્થ બિનરાજકીય સંસ્થા છે. દરમ્યાન રાજકોટમાં રેસકોર્સ મેદાનમાં જુન ૧–૨/૨૦૨૩ ના રોજ બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવાના છે. સનાતન ધર્મનો પ્રચાર થાય કે કથાનું આયોજન હોય તેને જાથા આવકારી પ્રશંસા કરે છે. લોકશાહી મુજબ નાગરિક ધર્મને લગતા આયોજનો કરવાનો સૌને હક્ક છે પરંતુ ધીરેન્દ્ર શાસ્ત્રી દેશમાં જુદી–જુદી જગ્યાઓ ઉપર આયોજનોમાં સનાતન ધર્મના પ્રચારના ઓઠા હેઠળ હિન્દુ રાષ્ટ્રની ઘોષણા કરી બંધારણનું અપમાન કરે છે. લોકોની ભાવનાઓ સાથે ખિલવાડ કરે છે. લોકોમાં ઉશ્કેરાટ, અશાંતિ, ભ્રમ ફેલાવે છે. માનસિક દર્દીઓ, બિમાર દર્દીઓનું દિવ્ય દરબારમાં ઉપચારનું કામ કરે છે. પરચાના નામે લોકોને પ્રભાવિત કરી અવડે માર્ગે વાળે છે. અસમંજસ વાતાવરણ ઉભું કરે છે. ભય–ડરનો માહોલ પેદા કરે છે. દેશમાં અશાંતિ ઉત્પન્ન કરવાનું કાર્ય કરે છે. દિવ્ય દરબારમાં કાયદાના લીરેલીરા ઉડાડે છે. કાયદા ભંગ કરે છે. બંધારણ–સંવિધાનનું અપમાન કરે છે. લોશાહીના હક્કોનું પાલન કરવામાં આવતું નથી. ધીરેન્દ્ર શાસ્ત્રી મનમાં આવે તેવું બેહુદું વર્તન જાહેરમાં પ્રદર્શિત કરે છે. ચમત્કારો કરી જનમેદની ઉભી કરે છે. દિવ્ય દરબારમાં માનસિક દર્દીઓ ઉપર અમાનુષી વ્યવહાર, તિરસ્કારની ભાવના અને ધુણતા હોય તેને ફેંકી દેવાની પણ જાહેરમાં વાત કરવામાં આવે છે જે અશોભનીય છે. સનાતન ધર્મની કથા કે વાત સુદ્ધા કરવામાં આવતી નથી તેથી સરકાર પરમીશન આપે નહિ. મંજુરી આપે તો આયોજકો પાસે કાયદાકીય આધાર–પુરાવા, નિવેદનો લેવા જરૂરી છે. દિવ્ય દરબારમાં કાયદાનો ભંગ થતો નજરે દેખાય તુરંત મંજુરી રદ કરી, કાયદાકીય પગલા ભરવાની જાથા માંગણી કરે છે. આયોજકો, કમિટીઓ, ધીરેન્દ્ર શાસ્ત્રી વિગેરે જવાબદારો સામે ગુન્હો દાખલ કરી ન્યાય સુસંગત કાર્યવાહીની જાથા અપેક્ષા રાખે છે. ધર્મના ઓઠા હેઠળ વગર લાયસન્સે બિમાર વ્યકિઓની માનવ જીંદગી સાથે ખિલવાડ કરે તો તુરંત કાનુની પગલા ભરવાની માંગણી કરવામાં આવે છે. વધુમાં દિવ્ય દરબારમાં જનમેદની જોઈ હિન્દુ રાષ્ટ્રની ઘોષણા કરી કાયદા સાથે બંધારણનું અપમાન કરવામાં આવે છે તુરંત જવાબદારો સામે ગુન્હો દાખલ કરી તટસ્થ કામગીરીની સરકાર પાસે અપેક્ષા રાખવામાં આવે છે, કાયદો બધા માટે સમાન છે તેવી પ્રતિતીની અપેક્ષા છે. આ શખ્સ ધીરેન્દ્ર શાસ્ત્રી સનાતન ધર્મના પ્રચારની આડમાં દેશ–રાજયમાં અશાંતિ–ઉશ્કેરાટ, ભાઈચારા ખલેલ ઉભી કરે છે. તેથી કાયદાકીય પગલા ભરવા જરૂરી છે. વધુમાં આવેદનપત્રમાં સરકારને અમારી લાગણી–માંગણી પહોંચાડવા સાથે આયોજકો પાસે મંજૂરીની શરતોનું રાજકોટ, અમદાવાદ, સુરતમાં પાલન થાય તે સંબંધી કાર્યવાહી કરવા વિનંતી કરાઈ છે. ધીરેન્દ્ર શાસ્ત્રી દિવ્ય દરબારમાં પરચાના નામે ઉંઠા–ઉલ્લુ નબનાવે તે સંબંધી માંગણી છે. સનાતન ધર્મના પ્રચારમાં કદી વાંધો કે વિરોધ નથી. કાયદો સમાન છે તેવો દાખલો બેસાડવા દિવ્ય દરબારમાં હિન્દુ રાષ્ટ્રની ઘોષણા કરે કે તુરંત અટકાયતી પગલા ભરવાની માંગણી છે. દેશમાં કોઈપણ નાગરિક બંધારણનું અપમાન કરે તો જેલના સળીયા પાછળ ધકેલી દેવા જોઈએ તેવી લાગણી સાથે આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી છે.

# ઈણાજ ખાતે કલેક્ટર એચ.કે. વઢવાણિયાના અધ્યક્ષસ્થાને જીલ્લા જળ અને સ્વચ્છતા સમિતીની મિટિંગ યોજાઈ

## 'ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટિવિટી' કાર્યક્રમ હેઠળ લાટી, બામણાસા, પાલડી, ઓલવાણ અને ગીરદેવળીનો સમાવેશ

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૧૯




જિલ્લા સેવા સદન ઈણાજ ખાતે જિલ્લા કલેક્ટર એચ.કે. વઢવાણિયાના અધ્યક્ષસ્થાને રૂરલ વોટર સપ્લાય(જનરલ) ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટિવિટી કાર્યક્રમ અંતર્ગત જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ (ડી.ડબલ્યૂ.એસ.યુ-વાસ્મો) સમિતિ ગીર સોમનાથ અમલીકરણ બેઠક યોજાઈ હતી. આ મિટિંગમાં કલેકટરએ સંબંધિત વિભાગના શીર્ષ અધિકારીઓને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નળ કનેક્શન, પીવાના પાણીની સમસ્યાઓ અને તેમને નિવારવાની સ્ટ્રેટેજી, મરામત અને નિભાવણી, આંતરિક પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા, વિલેજ રૂરલ વોટર સપ્લાય વગેરેના અમલીકરણ અને સંચાલન અંગે જરૂરી માર્ગદર્શનઆપ્યું હતું. મિટિંગમાં જિલ્લામાં લોક ભાગીદારીનાં 'ઈનવિલેજ રૂરલ વોટર સપ્લાય ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટિવિટી' કાર્યક્રમમાં ગામો જોડાઈને પોતાનાં ગામે પીવાનાં પાણીની હયાત વ્યવસ્થામાં નવીનીકરણ તથા સુધારાવધારા કરવા સુત્રાપાડાના લાટી, તાલાળાના બામણાસા તેમજ ઉનાનાં પાલડી અને ઓલવાણ તેમજ કોડીનારના ગીરદેવળી એમ ૦૫ નવા ગામોની યોજના ફાઈલોને તાંત્રિક મંજૂરીઓ આપવામાં આવેલ. જ્યારે ગીર સોમનાથ જિલ્લા માટે 'સ્વજલધારા' કાર્યક્રમ હેઠળ આજદિન સુધીમાં જિલ્લાના કુલ ૩૮૦ ગામો પૈકી કોડીનારમાં ૬૦, સુત્રાપાડામાં ૪૬, તાલાલામાં ૪૫, વેરાવળમાં ૫૩ તેમજ ઉનાના ૯૨ અને ગીરગઢડાના ૪૫ એમ ૩૪૧ ગામમાં રૂા.૨૮ કરોડ ૧૬ લાખ ૯૦ હજારની કિંમતની કુલ ૪૦૯ યોજનાઓ મંજૂર થયેલ છે. જેમાંથી ૩૦૫ યોજનાઓ પૂર્ણ થયેલ છે અને ૭૭ યોજનાઓ પ્રગતિ હેઠળ છે તેમજ કેન્દ્ર સરકારના 'જળ જીવન મિશન' તળે 'નલ સે જલ' કાર્યક્રમ હેઠળ વાસ્મો દ્વારા ગીર સોમનાથ જિલ્લાના તમામ ગામોમાં ગામ તળના સઘળા ઘરોને નળ જોડાણ વડે આવરી લેવાની સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. આ મિટિંગમાં વાસ્મો યુનિટ મેનેજર, ડેપ્યુટી મેનેજર એમ.બી.બલવા, વાસ્મો અધિકારી કાર્યપાલક ઈજનેર વી.વી.કારિયા, ડીસી અલકાબહેન મકવાણા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એચ.કે.વાજા સહિત સંબંધિત જિલ્લા પંચાયત કર્મચારીઓની પણ ઉપસ્થિતિ રહી હતી.

# જૂનાગઢ જીલ્લામાં બાગાયત વિભાગની કિચન ગાર્ડનિંગ માટેની શાકભાજી બિયારણ યોજનાનો લાભ લેવા અનુરોધ

જૂનાગઢ,તા.૧૯

જૂનાગઢ જિલ્લામાં બાગાયત વિભાગની ઘર આંગણે ખેતી કિચન ગાર્ડનની શાકભાજી બિયારણ યોજનાનો લાભ લેવા જણાવવામાં આવે છે. જૂનાગઢ જિલ્લા ખાતેની નાયબ બાગાયત નિયામકની કચેરીના કેનિંગ અને કિચન ગાર્ડનની વિભાગ દ્વારા ઘરની આજુબાજુની ખુલ્લી જમીન, છત કે બાલ્કનીમાં શાકભાજી પાકોનું વાવેતર કરવા માટે રૂપિયા પાંચના ટોકન ભાવે વિવિધ શાકભાજીના બિયારણોના પેકેટ તથા ખાતરના પેકેટનું વિતરણ કરવામાં આવે છે. વિવિધ ફળો તેમજ શાકભાજીને લાંબા સમય સુધી પરિરક્ષિત કરવાની મહિલા વૃતિકા યોજના અંતર્ગત તાલીમ પણ આપવામાં આવે છે. જે માટે મહિલાઓ ૨૦ થી ૨૫નું ગ્રુપ બનાવી તાલીમ લઈ શકશે. જેમાં અરજી કરવા માટે આઈ ખેડૂત પોર્ટલ તા.૩૧/૫/૨૦૨૩ સુધી ખુલ્લું રહેશે.

આજના યુગમાં ગ્રામ્ય તેમજ શહેરીજનોના કુટુંબના સભ્યોની જરૂરિયાત પ્રમાણે તથા સ્વાસ્થ્ય અને હાનિકારક રસાયણ રહિત શાકભાજી નજર સામે ઉગાડી આખા વર્ષ દરમિયાન શાકભાજી મળી રહે તે માટે ઘર આંગણે ખેતી કિચન ગાર્ડનનું આયોજન કરી શકાય છે. આ કચેરી દ્વારા ઘર આંગણે ઉગાડી શકાતા શાકભાજી અંગે માર્ગદર્શન તેમજ સાહિત્ય પણ આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે કેનિંગ અને કિચન ગાર્ડન વિભાગ, નવી મામલતદાર ઓફિસની બાજુમાં જૂનાગઢ ફોન નં – ૦૨૮૫ ૨૬૩૫૦૧૯નો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કેશોદના રંગપુર ગામેથી ૧૬ વર્ષની કિશોરી ગુમ

જૂનાગઢ, તા.૧૯

કેશોદ તાલુકાના રંગપુર ગામે રહેતી ૧૬ વર્ષ ૩મહિનાની કિશોરી તા.૧૭/૫/૨૦૨૩ના રોજ રંગપુર ગામેથી ગુમ થઈ છે. તેમની ઉંચાઈ ૪.૫ ફુટ, બાધો પાતળો અને રંગ ગોરો છે. તેમણે નંબરના ચશ્મા પહેર્યા છે તેમજ કાળા કલરનું જીન્સ તથા ટી-શર્ટ પહેરેલ છે. આ કિશોરીની કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવા કેશોદ પોલીસે જણાવ્યું છે.

# કોડીનાર તાલુકા ખાતે 'ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ' અંગે જાગૃતિ શિબિરનું આયોજન

## મહિલા સશક્તિકરણ, ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન વગેરે મહિલાલક્ષી યોજનાઓની અપાઈ માહિતી

(પ્રતિનિધિ દ્વારા)

કોડીનાર, તા.૧૯



કોડીનારના વેલણ-માઢવાડ ગામ ખાતે ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫' અંતર્ગત એક જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી આર.એમ.જિંજાળા દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અન્વયે માહિતી, ડીઆરડીએ આસિસ્ટન્ટ પ્રોગ્રામ મેનેજર રાજેશભાઈ બારડ તેમજ રોહિતભાઈ બારડ દ્વારા મહિલા સશક્તિકરણ તેમજ સખીમંડળ વિશે જાણકારી આપવામાં આવી હતી તથા સખી વન સ્ટોપ સેન્ટર પોલિસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈનની માહિતી આપવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં મહિલાલક્ષી યોજનાઓની પણ માહિતી આપવામાં આવેલ હતી. આ તકે વેલણ, માઢવાડ ગામની સ્થાનિક મહિલાઓની પણ બહોળા પ્રમાણમાં ઉપસ્થિતી રહી હતી.

# પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિત ઓર્ગોનિક ખેત-પેદાશોના વેચાણની ''ખેડૂતથી ખાનાર''નો અભિગમ અપનાવી ખેતરેથી જ સીધું વેચાણ કરતા પ્રગતિશીલ ખેડૂત ધીરેનભાઈ

## ભાયાવદરના આર્મીમેને નિવૃત્તિ પછી અન્ય નોકરીના બદલે પ્રાકૃતિક ખેતી તરફ વળી અન્યો માટે ઉદાહરણરૂપ બન્યા





નામ એમનું ધીરેન ઘોડાસરા. ભારતીય સેનામાંથી સૈનિક તરીકે નિવૃત્ત થયા પછી અન્ય નોકરીના બદલે પ્રાકૃતિક ખેતી અપનાવી. ઉપલેટાના ભાયાવદરમાં તેઓ ચાર એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થકી મરચાં સહિત વિવિધ મસાલા પાકોનું ઉત્પાદન કરે છે અને મોટા ભાગનું વેચાણ ખેતરેથી જ કરે છે. નજીવા ખર્ચે, વધુ ઉત્પાદન સાથે સારા ભાવો મળતા હોવાથી આવક વધતાં અન્ય ખેડૂતો પણ તેમના ખેતરની મુલાકાત લેવા લાગ્યા. અત્યાર સુધીમાં ૧૫૦૦થી વધુ ખેડૂતો તેમના ખેતરની મુલાકાત લઈ ચૂક્યા છે, જ્યારે ''આત્મા પ્રોજેક્ટ'' તરફથી મસાલા પાકોનાં વાવેતર માટે તેમને ''બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ-૨૦૨૨'' પણ મળ્યો છે. પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના ગુજરાત સરકારના અભિયાનની તેઓ સરાહના કરે છે. ધીરેનભાઈ કહે છે કે, પ્રાકૃતિક કૃષિ અંતર્ગત જીવામૃત અને ઘન જીવામૃતના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા વધે છે. અને અળસિયાથી કુદરતી જળસંચય થતો હોવાથી પિયત પણ ઓછી આપવા પડે છે. મરચીમાં હું ડ્રીપ ઈરીગેશન અને મલ્ચિંગ કરૂ છું. જેના કારણે પાણીનો વ્યય થતો નથી. જમીનમાં ભેજ જળવાઈ રહે છે. રક્ષક પાક તરીકે મેં ચારેબાજુ ગલગોટાનું વાવેતર કર્યું છે. જેથી જીવાત પહેલા ત્યાં આકર્ષાય અને મરચાને નુકસાન ન કરે. માનો કે રોગ જીવાત ક્યાંક જણાય તો ખાટી છાશ અને બ્રહ્માસ્ત્ર, નિમાંસ્ત્ર વગેરેનો છંટકાવ કરૂ છું. હું ઓજસ કાશ્મીરી અને તેજા નામના બે પ્રકારના મરચાંની જાતનું વાવેતર કરૂ છું. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદિક ઓર્ગોનિક ખેત-પેદાશોના વેચાણની વ્યૂહરચના અંગે તેઓ કહે છે કે, મારો વેચાણ માટેનો એક અભિગમ છે ''ખેડૂતથી ખાનાર'' અને વચેટીયા પ્રથા નાબુદ કરવી. હું મારા મરચાનું મુલ્યવર્ધન કરીને ખેતરેથી જ વેચાણ કરૂ છું. રાસાયણિક ખેતી અને પ્રાકૃતિક ખેતી વચ્ચેનો ભેદ કેવો છે, તેનું ઉદાહરણ આપતાં તેઓ કહે છે કે, એક એકર જમીનમાં રાસાયણિક ખેતીથી મરચી વાવવામાં આવે તો, આશરે રૂપિયા ૨૫ હજારનો ખર્ચ થાય છે. તેની સામે ઉત્પાદન ૨૧ મણ જેવું છે. જેનો વેચાણ ભાવ આશરે રૂપિયા ૨૨૦ પ્રતિ કિલોગ્રામ મળે છે. એટલે કુલ આવક રૂપિયા ૮૫ હજાર અને ખર્ચ બાદ કરતાં પ્રતિ એકર ચોખ્ખો નફો રૂા.૬૦હજાર જેવો થાય છે. તેની સામે પ્રાકૃતિક ખેતીથી મરચી વાવતાં ખર્ચ માત્ર ૧૦ હજાર રૂપિયા જેવો થાય છે. ઉત્પાદન ૨૦ મણ જેવું થાય છે. જેનો ભાવ પ્રતિ કિલોગ્રામ ૨૫૦ મળે છે. એટલે કુલ આવક ૮૨ હજાર રૂપિયા થાય છે. અને ખર્ચ બાદ કરતાં ચોખ્ખો નફો રૂપિયા ૭૨ હજાર થાય છે. તેઓ કહે છે કે, પ્રાકૃતિક ખેતીથી પાકની ગુણવત્તા તેમજ જમીનનું સ્વાસ્થ્ય સુધરે છે. જો ખેડૂતોએ ખેતી ટકાવવી હશે અને આવનાર પેઢીનું આરોગ્ય જાળવવું હશે તો રસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે.

**સાફલ્ય ગાથા - સંદીપ કાનાણી**

# વેરાવળમાં પ્રેમલગ્ન કરનાર યુવતીને સાસરિયા અને પિયરીયા દ્વારા તરછોડાતા અભયમ ટીમ વ્હારે આવી

## નિરાધાર બનેલી યુવતીને વ્હારે અભયમ ટીમ આવતા સુખદ સમાધાન કરી પતિ સાથે મિલન કરાવ્યું

વેરાવળ, તા.૧૯




વેરાવળ પંથકની યુવતીએ પ્રેમલગ્ન કર્યા બાદ લગ્નજીવનના થોડા સમય બાદ યુવતીને સાસુ - સસરા દ્વારા સામાન્ય બાબતમાં બોલચાલ કરી ઝઘડા કરી ત્રાસ અપાતો. આ દરમિયાન યુવતીએ આપઘાત કરવાનો પ્રયત્ન કરેલ જેના કારણે પતિ દ્વારા માનસિક ત્રાસ વધતા કંટાળી યુવતીએ પિયરમાં પિતાને ફોન કરી સાસરિયામાં ત્રાસ અપાતો હોવા અંગેનું જણાવ્યું હતું. ત્યારબાદ પિયરમાં જઈને યુવતી પિતા સાથે ઝઘડો કરતા હોવાથી યુવતીના પિતાએ ઘર છોડી જવા જણાવેલ. તેથી યુવતી પતિની શોધમાં ઘર છોડી ચાલી નીકળેલ અને ૧૮૧ મહીલા હેલ્પલાઈનની મદદ માગેલ. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વેરાવળથી કાઉન્સેલર દાફડા અંજના, કોન્સ્ટેબલ ડોડીયા અલ્પાબેન તેમજ પાયલોટ સાથે ટીમ યુવતી પાસે દોડી ગયેલ. યુવતીએ જણાવેલ કે તેમને તેમના પતિ પાસે જવું છે પરંતુ તેમને કોઈ સ્વીકારવા તૈયાર નથી. ૧૮૧ ટીમ યુવતીને સાથે લઈ જઈ પતિનાં ઘરે પહોચી અને સાસરીપક્ષને મળી કાઉન્સેલીંગ કરી પતિને સમજાવેલ અને યુવતીના પિતાને ફોન દ્વારા સમજાવેલ એમ બન્ને પક્ષો યુવતીને અપનાવવા રાજી થયા. આમ ૧૮૧ અભયમ ટીમ દ્વારા યુવતીનું પરિવાર સાથે મિલન કરાવાયું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# યુધ્ધ વિમાનોની દુર્ઘટના એ દર્શાવે છે કે નવા વિમાનોની જરૂર

તાજેતરમાં મિગ-૨૧ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવું દુઃખદ અને અફસોસજનક છે. દુઃખદ એટલા માટે કે તેમાં ત્રણ નાગરિકોના જીવ ગયા અને અફસોસજનક એટલે કે ઊડતું તાબૂત કહેવાતું હોવા છતાં આ વિમાનનો હજુ પણ પ્રશિક્ષણમાં ઉપયોગ કરવો પડે છે. રાજસ્થાનના હનુમાનગઢ જિલ્લાના બહલોલ નગર ગામમાં સોમવારે સવારે મિગ-૨૧ યુધ્ધ વિમાન એક ઘર પર જઈ પડ્યું, જેનાથી ત્રણ મહિલાઓનાં મોત થયાં અને બે ઘાયલ થઈ. પાયલટે કૂદીને પેરાશૂટ દ્વારા ખુદને બચાવી લીધો, પરંતુ શું આવા વિમાનો ભારતની સેનાને લાયક છે? આ બચેલા લગભગ ખટારા વિમાનોથી હવે તોબા કરવામાં જ ભલાઈ છે.

ઉલ્લેખનીય વાત છે કે વિમાને સૂરતગઢ વાયુસેના સ્ટેશનથી ઉડાન ભરી હતી અને ઉડાન ભર્યાના તરત બાદ પાયલટે ટેકનિકલ ખામીની સૂચના આપી દીધી હતી. પાયલટ વિમાનને સુરિક્ષત જગ્યાએ ઉતારી ન શક્યો, પરંતુ તેમાં શંકા નહીં કે તેણે અંત સમય સુધી વિમાન પર નિયંત્રણ રાકવાની કોશિશ કરી છે.

૧૯૬૩માં સોવિયેત સંઘથી મિગ-૨૧ની આયાત શરૂ થઈ હતી અને આ વિમાન લાંબા સમય સુધી ભારતીય વાયુસેનાની તાકાત રહ્યું. વિંગ કમાંડર અભિનંદન વર્ધમાને એવા જ એક મિગ-૨૧થી પાકિસ્તાની એફ-૧૬ને તોડી પાડ્યું હતું. મિગ-૨૧એ કેટલીય લડાઈઓ અને સૈન્ય અભિયાનોમાં ભારતને મજબૂતી આપી છે, પરંતુ તેની કાળી બાજુ એ પણ છે કે મિગ-૨૧ની દુર્ઘટનાઓનો સિલસિલો ૧૯૬૬માં જ શરૂ થઈ ગયો હતો. કુલ ૮૪૦ વિમાનોમાંથી પણ ચારસો કરતાં વધારે વિમાન દુર્ઘટનાગ્રસ્ત થઈ ચૂક્યાં છે. લગભગ ૨૦૦ પાયલટ શહીદ થઈ ચૂક્યા છે અને લગભગ પચાસ નાગરિકો પર આ વિમાન મોત બનીને તૂટ્યું છે. આ જરીપુરાણાં વિમાનોનો મોહ એક ઝાટકે છોડી દેવો જોઈએ. યોજના અનુસાર ૨૦૨૪-૨૫ સુધી આ વિમાન ઉપયોગથી બહાર થઈ જશે, પરંતુ ખતરાને જોતાં આ યોજનામાં પરિવર્તન કરવું જોઈએ. કોઈ જરૂર નથી કે આવાં વિમાનોને જનતા અને પાયલટના જીવ સાથે રમત કરવાનો મોકો આપવામાં આવે. દાયકાઓ જૂના મિગ-૨૧માં સમયે સમયે સુધાર કરવામાં આવ્યા છે, પરંતુ તેમ છતાં તેને સંપૂર્ણ સુરિક્ષત નથી બનાવી શકાયું. ટેકનિકલ ખરાબીની આશંકા હંમેશાં ઊભી રહે છે અને હાલની દુર્ઘટના પણ એને કારણે જ થઈ છે.

આ દુઃખદ દુર્ઘટનાનો બોધ એ જ છે કે ભારતને વહેલી તકે નવાં વિમાનોની જરૂર છે. હાલમાં આપણી પાસે જરૂરિયાત કરતાં ઓછાં વિમાનો છે. ભારતીય વાયુસેના પોતાની આ જરૂરિયાતને સમજે છે, પરંતુ સત્ય એ છે કે મિગ-૨૧ની જગ્યાએ નવા વિમાન લાવવામાં વિલંબ થયો છે. નવા વિમાનોના અભાવે મિગ-૨૧ને ઉડાડવાની મજબૂરી સમજી શકાય છે, તો ઉપાય શો છે? આપણે સ્વદેશી વિમાન તેજસના નિર્માણમાં ઝડપ લાવવી જોઈએ. તેજસનું આગમન આગામી વર્ષના મધ્ય સુધી થશે અને તેજસ ઘણી હદે મિગ-૨૧ની જગ્યા લઈ શકશે. રાફેલ વિમાનોનો પૂરવઠો ધીમે ધીમે મળી રહ્યો છે. વિમાન નિર્માણમાં ઝડપ લાવવાની સાથે જ ભારતે દુનિયાના શ્રેષ્ઠ યુદ્ધ વિમાનો ખરીદવામાં પણ પાછળ ન રહેવું જોઈએ. આજના જોખમભર્યા સમયમાં ભારતીય સેનાનું હરસંભવ સંસાધનોથી સજ્જ રહેવું જરૂરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સૌ સાથે વેર બાંધો પરંતુ પડોશી સાથે
કદાપી વેર ન બાંધો..

- ઈમર્સન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ વદ-૩૦ દર્શ-ભાવુકા અમાવસ્યા, શ્રી શનિશ્વર જન્મોત્સવ, વટ સાવિત્રી વ્રત (અમાસ પક્ષ) તા.૧૯ મે ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૨૮, ભરણી નક્ષાત્ર, શોભન યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૨૫
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), બપોરે ૧:૩૫ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મુંઝવણમાંથી માર્ગમળે, કાર્યબોજ હળવોથાય, નાણાંકીય લાભ મળે.
વૃષભ : વાદવિવાદથી દૂર રહેવું, અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
મિથુન : સંતાન અંગેની ચિંતા દૂર થાય, આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક : નવિન લાભની તક સાંપડશે, નવા આર્થિક આયોજનોને સફળતાથી પાર પાડી શકશો.
સિંહ : વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે, પારિવારીક જીવનમાં આનંદ રહે.
કન્યા : અગત્યના કાર્યમાં રૂકાવટ આવે, આરોગ્ય બાબતેચિંતાઅનુભવીશકાય.
તુલા : મનની મુરાદ બર ન આવે, કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
વૃશ્ચિક : પ્રિયજન સાથે ચકમક ઝરે, મનમાં મૂંઝવણ રહે.
ધન : માનસિક શાંતિમાં વધારો થાય, કાર્યક્ષેત્રમાં યશની પ્રાપ્તિ થાય.
મકર : આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે, પડવાક્જ-વાગવાથી સંભાળવું.
કુંભ : નવિન શુભ સમાચાર મળે, સામાજિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠામાં વધારો થાય.
મીન : પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવળે, ગૃહવિવાદ અંગે સંભાળવું.

# 'આંતરરાષ્ટ્રિય મ્યુઝિયમ દિને' વોટસન મ્યુઝિયમમાં ૨૦ મે સુધી ચાલનારા મહાન હસ્તીઓના ઓટોગ્રાફનું પ્રદર્શન તથા પેપર આર્ટ વર્કશોપનો શુભારંભ







## ધો.૧૨ ની ૧૮ વર્ષીય વિદ્યાર્થીનિ કુ.હિરલ રાઠોડના નિદર્શનમાં પેપર આર્ટ વર્કશોપમાં ૨૨ જેટલા વિદ્યાર્થીઓએ લીધો ભાગ લઈ બનાવ્યા રંગબેરંગી પોસ્ટર્સ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા. ૧૯

આંતરરાષ્ટ્રિય મ્યુઝિયમ દિને' વોટસન મ્યુઝિયમ, રાજકોટ દ્વારા તા. ૨૦ મે ૨૦૨૩ સુધી ચાલનારા રાજકોટના યુવા સંગ્રાહક શ્રી રક્ષિત પાંભરના વિશ્વ વિખ્યાત હસ્તીઓના ઓટોગ્રાફના - 'મહાનુભાવોના ભાવભર્યા હસ્તાક્ષર'નું પ્રદર્શન અને કલર થેરાપી આધારિત પેપર આર્ટનો એક દિવસીય વર્કશોપ યોજાયો હતો. આ બંને કાર્યક્રમોનો શુભારંભ પ્રાદેશિક માહિતી કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી નિરાલા જોષીના દિપપ્રાગ્યટય થકી થયો હતો.

આ તકે નાયબ માહિતી નિયામકશ્રી નિરાલા જોષીએ કહયું હતું કે, ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા દ્વારા પ્રાચીન કલા અને સંસ્કૃતિના વારસારૂપ નમુનાના સંરક્ષણ પ્રત્યેસભાનતા કેળવાય અને કલા પ્રવૃતિમાં રસ ઉત્પન્ન થાય એ હેતુથી મ્યુઝિયમ દિનની ઉજવણીરૂપે આ શૈક્ષણિક, સંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. સોશિયલ મીડિયાના આ સમયમાં બાળકો મોબાઈલથી દૂર રહે અને શારીરિક તથા રચનાત્મકપ્રવૃતિ કરે તે ઉદેશથી મ્યુઝિયમ દ્વારા આયોજિત કરાયેલા આ વર્કશોપને સારો એવો પ્રતિસાદ બાળકો અને તેમના વાલીઓ તરફથી મળ્યો છે, જે સરાહનીય છે. રાજકોટના જ ધો.૧૨ના વિદ્યાર્થી અને યુવા કલાકાર – હિરલ રાઠોડના નિદર્શનમાં બાળકો-વિદ્યાર્થીઓ માટે એકાગ્રતા કેળવાય, માનસિક સ્વાસ્થ્ય સારુ રહે તેવા કલર થેરેપી આધારીત પેપર આર્ટના વર્કશોપ યોજાયો હતો, જેમાં ધો ૧૨ સુધીના ૨૨ જેટલા વિદ્યાર્થીઓએભાગ લીધો હતો. વોટસનમ્યુઝિયમના કયુરેટરશ્રી સંગીતા એન.રામાનુજે પેપર આર્ટવર્કશોપસંદર્ભે જણાવ્યુહતું કે, થોડા સમય પહેલા અમારા મ્યુઝિયમની મુલાકાતે લાલબહાદુરસ્કુલના વિદ્યાર્થીઓ આવ્યા હતા. આ દરમિયાન શાળાના શિક્ષકે મને કહયુ કે અમારી વિદ્યાર્થિની હિરલ રાઠોડ સરસ પેપર આર્ટ કરે છે. તેના આ હુન્નર થકી અમારી શાળાની 'મેરી ટેલેન્ટ મેરી પહેચાન' સ્પર્ધામાં વિજેતા બની છે. તેથી ૧૮ વર્ષીય ધો.૧૨ની છાત્રા હિરલના આ હુન્નરને અમે પિછાણી વિદ્યાર્થીઓનો હસ્ત કલાકારીમાં ઝુકાવ કેળવે તે માટે મ્યુઝિયમ ડેના દિવસે જ મ્યુઝિયમ દ્વારા જ કુ. હિરલના નિદર્શનમાં વર્કશોપનું આયોજન કર્યુ. મ્યુઝિયમ દ્વારા બાળકોને હાર્ડબોર્ડ, ઓઈલ પેઈન્ટ, ટીસ્યુ પેપર, ફેવિકોલ, બ્રશ સહિતની સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. આમ મ્યુઝિયમમાં બાળકોના લાભાર્થે પેપર વર્કનો વર્કશોપ પ્રથમ વખત કર્યો.

આ પેપર આર્ટના વર્કશોપમાં ભાગ લેનાર ધો.૯ની ૧૪ વર્ષની છાત્રા પ્રકૃતિ નાકરાણી કહે છે, આ વર્કશોપ દ્વારા મને ઓઈલ પેઈન્ટ અને ટીસ્યુના ઉપયોગથી હેન્ડીક્રાફટના પોસ્ટર્સ બનાવતાં શીખવા મળ્યુ. હાર્ડ બોર્ડ ઉપર પહેલા ડ્રો પણ જાતે કર્યુ હતું. આ વર્ક શોપ અમારા જેવા વિદ્યાર્થીઓની કલા અને કૌશલ્ય બહાર લાવે છે. અને અમને આર્ટની વધુ નજીક લઈ જાય છે. મહાનુભાવોના ભાવભર્યા હસ્તાક્ષરના પ્રદર્શનમાં ભારતરત્ન સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકર, રમતવીર કેપ્ટન ધ્યાનચંદ, સચીન તેંદુલકર, શ્રી રાજેન્દ્ર પ્રસાદ સહિત આઝાદી માટે જેમનું અણમોલ યોગદાન છે તેવા મહાત્મા ગાંધીજી, ધર્મગુરુ દલાઈ લામા તેમજ ભારતના પ્રથમ અવકાશયાત્રીશ્રી રાકેશ શર્મા, ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રીશ્રી જીવરાજ મહેતા વગેરે વિખ્યાત હસ્તીઓના હસ્તાક્ષરનું કલેકશન લોકો માટે ખુલ્લુ મુકાયુ છે. આ પ્રદર્શન થકી એ મેસેજ પણ આપવામાં આવે છે કે અભિલેખિત વસ્તુઓને કેવી રીતે સુરક્ષિત કરવી અને તેનું કલેક્શન કેમ કરવું. આવી કલા કૃતિઓની જાળવણી માટે યુવાઓને પ્રોત્સાહન અને પ્રેરણા મળે એવો ઉમદા ઉદેશ્યથી આ કાર્યક્રમો યોજાયા છે.

# અન્ય દેશમાં રિફાઈન થયેલું ઓઈલ રશિયાનું ન કહી શકાય : જયશંકર

## ભારતના વેપાર સામે યુરોપિયન યુનિયનના વિદેશ તેમજ સુરક્ષા નીતિના પ્રમુખ જોસેફ બોરેલને વાંધો પડ્યો



નવી દિલ્હી, તા.૧૯

છેલ્લા એક વર્ષથી ભારત રશિયા પાસેથી મોટા પાયે ક્રૂડ ઓઈલ ખરીદીને તેમાંથી પેટ્રોલ ડિઝલ બનાવીને યુરોપને એક્સપોર્ટ કરી રહ્યુ છે. ભારતના વેપાર સામે યુરોપિયન યુનિયનના વિદેશ તેમજ સુરક્ષા નીતિના પ્રમુખ જોસેફ બોરેલનેવાંધો પડી ગયો છે. જોસેફનુ કહેવુ છે કે, યુરોપિયન યુનિયને રશિયાનુ પેટ્રોલ ડીઝલ યુરોપમાં વેચવા બદલ ભારત સામે કાર્યવાહી કરવી જોઈએ. તેમણે મીડિયા સાથે વાતચીતમાં કહ્યુ હતુ કે, રશિયા પાસેથી ભારત મોટા પાયે ઓઈલ ખરીદી રહ્યુ છે અને તેમાંથી પેટ્રોલ અને ડિઝલ બનાવીને યુરોપને વેચી રહ્યુ છે તે વાત અમને ખબર હતી. તેની સામે કાર્યવાહી કરવાની જરૂર છે. જો રશિયન ઓઈલ આડકતરી રીતે પેટ્રોલ અને ડિઝલ સ્વરૂપેયુરોપમાં આવે છે તો તે નિશ્ચિત પણે પ્રતિબંધોનુ ઉલ્લંઘન છે. આ માટે યુરોપિયનયુનિયનના સભ્યોએ કોઈ નિર્ણય તો લેવો પડશે. બોરેલે આ વાત ભારતના વિદેશ મંત્રી એસ જયશંકર સાથેની બેઠક પહેલા કરી હતી. જોકે જયશંકરે તેનો જવાબ આપતા કહ્યુ હતુ કે, યુરોપિયન યુનિયનના નિયમો અંગે મનેજે સમજ છે તે પ્રમાણે રશિયાનુ ક્રૂડ ઓઈલ અન્ય દેશમાં જો રિફાઈન થતુ હોય તો તેને રશિયન ઓઈલ માની શકાય નહી. ઉલ્લેખનીય છે કે, ભારતની રિફાઈનરીઓએ ડિસેમ્બર અને એપ્રિલની વચ્ચે યુરોપમાં લગભગ ૨. ૮૦ લાખ બેરલ પ્રતિ દિવસ પ્રમાણે પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કરી છે. જે ગયા વર્ષ કરતા પ્રતિ દિવસ ૧.૭૦ લાખ બેરલ વધારે છે.

# રશિયાએ અમેરિકાની એક પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ તોડી પાડી

મોસ્કો, તા.૧૯

યુક્રેન અને રશિયા વચ્ચેના યુધ્ધમાં રશિયા અને પશ્ચિમના દેશો વચ્ચે પોતાના ઘાતક હથિયારોનો ઉપયોગ કરવાની જાણે હોડ જામી છે. આ પહેલા રશિયાની હાયપરસોનિક મિસાઈલ કિંઝલને અમેરિકન પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમની મદદથી તોડી પાડવામાં આવી હતી. જોકે રશિયાએ પણ તેનો બદલો લીધો છે અનેઅમેરિકાની એક પેટ્રિયટ મિસાઈલ સિસ્ટમ તોડી પાડી છે. અમેરિકન મીડિયાએ આ વાતનો ખુલાસો કર્યો છે. જેમાં કહેવાયુ છે કે, જ્યારે રશિયા તરફથી યુક્રેનપર હુમલા થઈ રહ્યા હતા ત્યારે એક પેટ્રિયટ સિસ્ટમ પણ તબાહ થઈ ગઈહતી. જોઆ વાત સાચી હોય તો અમેરિકા માટે આ મોટો ઝાટકો છે. આ મીડિયારિપોર્ટમાં અપાયેલી જાણકારી પ્રમાણે રશિયાએ જયારે કીવ પર પોતાની સૌથી એડવાન્સ



મિસાઈલ કિંઝલ વડે હુમલો કર્યો ત્યારે તેને રોકવામાં પેટ્રિયટ સિસ્મટનેપણ ખાસુ નુકસાનથયુ છે. જોકે આ નુકસાન કેટલુ છે તે હજી સ્પષ્ટ થયુ નથી. મિસાઈલ સિસ્ટમને રિપેર કરવાની જરુર પડશે તો થોડા સમય માટે તેને મોરચા પરથી હટાવવી પણ પડશે. ઉલ્લેખનીય છે કે, રશિયાએ કુલ ૬ કિંઝલ મિસાઈલ તેમજ બીજા પ્રકારની મિસાઈલો તથા ડ્રોન વડે યુક્રેન પર હુમલો કર્યો હતો. યુક્રેનનુ કહેવુ હતુ કે, રશિયા તરફથી થયેલો અત્યાર સુધીનો આસૌથી મોટો હુમલો હતો. પેટ્રિયટ મિસાઈલની વાત કરવામાં આવે તો અમેરિકા તેને સૌથી અત્યાધુનિક રક્ષા કવચ ગણાવે છે. આ સિસ્ટમ દુશ્મન તરફથી લોન્ચ થતી મિસાઈલ્સ તથા વિમાનોને અને ડ્રોનને હવામાં જ તોડી પાડવા માટે સક્ષમ છે. અમેરિકાએ યુક્રેનને રશિયન હવાઈ હુમલાથી રક્ષણ આપવા માટે આ સિસ્ટમ મોકલાવી છે. દુનિયામાં અમેરિકાએ પોતાના બીજા મિત્ર દેશોને પણ આ મિસાઈલ સિસ્ટમ આપેલી છે. યુક્રેનમાં મે મહિનાના પ્રારંભથી તેનો ઉપયોગ શરુ કરી દેવાયો છે.

### છાત્ર સાથે મારામારીના કેસમાં આપના ધારાસભ્યને સજા

# અખિલેશપતિ ત્રિપાઠીને આખો દિવસ કોર્ટમાં ઊભા રહેવાની સજા



નવી દિલ્હી, તા.૧૯

વિદ્યાર્થી સાથે મારમારીના કેસમાં આપના ધારાસભ્યને સજા સંભળાવાઈ છે. દિલ્હીના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અખિલેશપતિ ત્રિપાઠીને કોર્ટે દોષિત જાહેર કર્યા છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અખિલેશ પતિ ત્રિપાઠીને આખો દિવસ કોર્ટમાં ઉભી રહેવાની સજા સંભળાવાઈ છે. ઉપરાંત કોર્ટે અખિલેશ પતિ ત્રિપાઠીને ૩૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. મળતા અહેવાલો મુજબ કોર્ટે દંડની રકમમાંથી ૬૫૦૦ રૂપિયા કોર્ટમાં જમા કરાવવા અને ૨૩,૫૦૦ રૂપિયા ફરિયાદીને આપવાનો આદેશ કર્યો છે. ઉલ્લેખનિય છે કે, રાઉઝ એવન્યુ કોર્ટેઅખિલેશ ત્રિપાઠીને આઈપીસીની કલમ ૩૨૩ હેઠળ દોષીત જાહેર કર્યા છે, જ્યારે આઈપીસીની કલમ ૩૪૧/૫૦૬ (૧) અને કલમ ૩(૧) હેઠળ એસસી/એસટી એકટના આરોપોમાંથી દોષમુક્ત જાહેર કર્યા છે. વર્ષ ૨૦૨૦માં ધારાસભ્ય અખિલેશ પતિ ત્રિપાઠી પર જાણીજોઈને એક વિદ્યાર્થીને ઈજાગ્રસ્ત કરવાનો આરોપ લગાવાયો હતો. કોર્ટે ત્રિપાઠીને માર્ચમાં દોષિત જાહેર કર્યા હતા. ફરિયાદીએ આરોપી ત્રિપાઠી પર જાતિ સંબંધિત ટીપ્પણી કરવાનો પણ આરોપ લગાવ્યો હતો, જે અંગે કોર્ટે કહ્યુ કે, ફરિયાદી પક્ષ દ્વારા કરેલા આ આરોપો પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે. ઉપરાંત કોર્ટે એવું પણ કહ્યું કે, એવું બિલકુલ લાગી રહ્યું નથી કે આરોપીએ ફરિયાદીને અનુસૂચિત જાતિ હોવાના કારણે અપમાનિત કરવાનો કે ડરાવવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ કોર્ટે સજા માટે ૧૩મી એપ્રિલની તારીખ નક્કી કરી હતી. દંડની રકમમાંથી ૬૫૦૦ રૂપિયા કોર્ટમાં જમા કરાવવા અને ૨૩,૫૦૦ રૂપિયા ફરિયાદીને આપવાનો આદેશ આ દરમિયાન કોર્ટે ધારાસભ્યની સજા પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ફરિયાદ મુજબ ફેબ્રુઆરી-૨૦૨૦માં વિદ્યાર્થીએ ફરિયાદ નોંધાવી અને દાવો કર્યો હતો કે, ૭ ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ જ્યારે તે ઘરે જઈ રહ્યો હતો, ત્યારે આરોપીઓએ તેને ઝંડેવાલન ચોક, લાલ બાગમાં માર માર્યો હતો. અનુસૂચિત જાતિ સાથે જોડાયેલા ફરિયાદીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે, ત્રિપાઠીએ તેમની વિરુદ્ધ જાતિવાદી શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

# કાશ્મીર મુદે વડાપ્રધાન મોદીનો જબરદસ્ત નિર્ણય



કાશ્મીર, તા.૧૯

કાશ્મીર ઘાટીમાં આગામી ૨૨ થી ૨૫મે દરમિયાન આંતરરાષ્ટ્રીય પર્યટન પર G20 બેઠકનુંઆયોજન થયું છે. તેના માટે શ્રીનગરમાં તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. G20 ના પ્રતિનિધિ જે જગ્યા ઉપર જવાના છે ત્યાં દિવસ રાત કામ ચાલી રહ્યું છે. ૨૨૦ બેઠક પહેલા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જોકે ઈસ્લામાબાદને કાશ્મીરની પ્રગતિ ખટકી રહી છે. કારણકે G-20 સમીટ પછી કશ્મીર ગ્લોબલ ટુરિસ્ટ ડેસ્ટિનેશન તરફ આગળ વધશે. એક વખત ગ્લોબલ ટુરીસ્ટ ડેફીનેશનમાં કાશ્મીરનું નામ આવી ગયું પછી કાશ્મીર ઘાટીમાં પાકિસ્તાનનું દરેક ષડયંત્ર ફેલ થઈ જશે. જોકે કાશ્મીરીઓને પાકિસ્તાનથી કોઈ મતલબ નથી. શ્રીનગરમાં G20 સમિટ ની મીટીંગ થશે અને તેના માટે ગુલબર્ગનું વર્લ્ડ ફેમસ સ્કી રિસોર્ટ તૈયારી કરી રહ્યું છે. G20 ના રીપ્રેઝન્ટેટીવ કાશ્મીર આવશે તો કાશ્મીરમાં ટુરિઝમ વધશે. કાશ્મીરમાં પર્યટકોની સંખ્યા વધશે તો વિકાસ પણ થશે જેના કારણે કાશ્મીરીઓ ખુશ છે. ગુલમર્ગના હોટલ અને રિસોર્ટ ટુરિસ્ટથી ખચાખચ ભરેલા રહે છે. પરંતુ G20 પછી વિદેશીઓ માટે પણ કાશ્મીર ફેવરિટ ડેસ્ટિનેશન બનીશકે છે. કાશ્મીરનો પ્રચાર આ સમિટ પછી ગ્લોબલ લેવલ પર જોરશોર થી થશે જેના કારણે પાકિસ્તાનના ષડયંત્રનો નેસ્તોનાબુદ થશે. પાકિસ્તાને કાશ્મીરને લઈને જે એજન્ડાઉભો કર્યો છે તેનોભારતના આ નિર્ણયથી નાશ થશે. ભારતના આ નિર્ણયથી પાકિસ્તાન પણ ટેન્શનમાં છે કારણ કે પાકિસ્તાન સતત આતંકીઓની મદદથી જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ બગાડવાના પ્રયત્નો કરે છે. પરંતુ જી-૨૦ સમિટ પહેલા જમ્મુમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે બોર્ડર પર પણ કડક સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં ૪૨ બોર્ડર પોલીસ પોસ્ટ બનાવીને આતંકીઓની ઘુસણખોરી અટકાવવા બંદોબસ્ત ઉભો કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે G20 ના બધા જ દેશોના પ્રતિનિધિ ૨૩ મેના રોજ શ્રીનગરમાં પર્યટન અને કાર્યકારી સમૂહની બેઠકમાં ભાગ લેશે. તમામ પ્રતિનિધિ ૨૨ મેના રોજ શ્રીનગર પહોંચશે. ૨૩મે બેઠક થશે અને ૨૪મે એ પ્રતિનિધિઓને મુખ્ય પર્યટન સ્થળ પર જશે.

### અગાઉ કરેલી જાહેરાતની દિશામાં આગળ વધતી સરકારનો નિર્ણય

# રાજ્યના ૧૩ જિલ્લામાં નવી GIDC સ્થપાશે : તપાસ અહેવાલ માટે મંજૂરી

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં વિકાસ ક્ષેત્રે આગળ વધતા ગુજરાત સરકાર હવે રાજ્યના ૧૩ જિલ્લાઓમાં નવી જીઆઈડીસી (ઔદ્યોગિક વસાહતો) બનાવવાની દિશામાં જઈ રહી છે. આ ૧૩ નવી જીઆઈડીસીની સ્થાપના માટે પ્રથમ પગથિયું ચઢતા આજે અહેવાલ માટે મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના યુવાનોને ઘર આંગણે રોજગારી મળી રહે તે આશયથી રાજ્યમાં નવીન જીઆઈડીસીની સ્થાપના માટે વિધાનસભા સત્રમાં જાહેરાત કરવામાં આવી હતી. આ સંદર્ભે ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમના નિયામક મંડળ દ્વારા રાજ્યના ૧૩ જિલ્લાઓમાં નવી જીઆઈડીસી સ્થાપવા માટે જમીનની એક જથ્થે ઉપલબ્ધતા, ડિમાન્ડ સર્વે, સ્થાનિક પરિબળો અને કૃષિ ઉત્પાદન વગેરેના પ્રાથમિક શકયતાદર્શી તપાસ અહેવાલ એટલે કે પ્રિ-ફિઝિબિલિટી એસેસમેન્ટ રિપોર્ટ મેળવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં લેવાયેલ આ મહત્ત્વના નિર્ણયની વિગતો આપતા પ્રવક્તા ઋષિકેશ પટેલે ઉમેર્યું કે, રાજ્યના ઝડપી ઔદ્યોગિક વિકાસ દ્વારા આર્થિક વિકાસ સાધી શકાય છે. રાજ્યમાં વધુને વધુ રોજગારી ઉપલબ્ધ બને અને ઉદ્યોગગૃહો પોતાનો ઉદ્યોગ સરળતાથી સ્થાપી શકે તે આશયથી રાજ્ય સરકારે અનેક વિધ સુવિધાઓ ઓનલાઈન પૂરી પાડી છે. જેના પરિણામે ગુજરાતમાં મૂડી રોકાણ વધ્યું છે અને અનેક ઉદ્યોગ ગૃહો રાજ્યમાં આવ્યા છે જેને ધ્યાને લઈને રાજ્યમાં રોજગારનું પ્રમાણ વધે તે આશયથી રાજ્ય સરકારે આ નવીન જીઆઈડીસી સ્થાપવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે. મંત્રીએ ઉમેર્યું કે, રાજ્યના રાજકોટ, મહેસાણા, મહીસાગર, ભરૂચ, બનાસકાંઠા, પાટણ, છોટાઉદેપુર, ગીર-સોમનાથ, ગાંધીનગર, ખેડા, અમરેલી, આણંદ અને જૂનાગઢ જિલ્લાના ૨૧ તાલુકાઓમાં જીઆઈડીસી સ્થાપવામાં આવનાર છે તે માટે માળખાગત સુવિધાઓ પૂરી પાડવા ગુજરાત ઔદ્યોગિક વસાહત નિગમ કામગીરી કરી રહ્યું છે.

# રાજ્યમાં ચોમાસા દરમ્યાન સંભવિત આપત્તિના સામના માટે વહીવટીતંત્ર સંપૂર્ણ બન્યું સજ્જ

ગાંધીનગર, તા.૧૯

આગામીસમયમાં ચોમાસાની ઋતુને લઈ રાજ્યના તમામ વિભાગો અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ, લશ્કરની ત્રણેય પાંખના પ્રતિનિધિઓ, કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો સહિત વહીવટી તંત્રના તમામ અધિકારીઓ સાથે આજે ગાંધીનગર ખાતે રાજ્યના મુખ્ય સચિવ રાજકુમારે બેઠક યોજી ચોમાસા દરમ્યાન સંભવિત આપત્તિના સામના માટેના આગોતરા આયોજન અને સજ્જતાની સમીક્ષા કરી હતી. ગાંધીનગર ખાતે યોજાયેલી આ "પ્રિમોનસુન પ્રિપેર્ડનેસ" અંગેની બેઠકના અધ્યક્ષસ્થાનેથી મુખ્ય સચિવે જણાવ્યું હતું કે, સંભવિત આપત્તિના સામના માટેની જેટલી આગોતરી સજ્જતા કેળવાય તેટલી ઝડપથી આપણે રાહત-બચાવની કામગીરી કરી શકીશું અને ઓછામાં ઓછું નુકસાન થાય તેવી સ્થિતિનું નિર્માણ થઈ શકશે. તેમણે તમામ વિભાગોને આપત્તિ વ્યવસ્થાપન પ્લાન જરૂરી ફેરફાર સાથે તૈયાર રાખવા જણાવી, રાજ્ય વહિવટી તંત્ર, કેન્દ્ર સરકારની કચેરીઓ, સુરક્ષા એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન રાખવા ઉપર પણ ભાર મૂક્યો હતો. વધુમાં, તેમણે તાલુકા સ્તરેથી તાલુકા-ગામડાઓ વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન યોગ્ય થાય તે અંગે તંત્રને તાકીદ કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય હવામાન વિભાગના ડિરેકટર મનોરમા મોહંતીએ આગામી ચોમાસાની અસર વિશે વિસ્તૃત માહિતી આપી હતી. હવામાન ખાતાના અત્યાર સુધીના અભ્યાસ અનુસાર રાજ્યમાં સામાન્ય કે સામાન્યથી ઓછો વરસાદ રહે તેવી સંભાવના છે. કેરળમાં આગામી તા.૪ જૂનથી વરસાદ શરૂ થવાની શક્યતા છે, જ્યારે ગુજરાતમાં તા.૧૫ જૂન પછી ચોમાસાની શરૂઆત થવાની સંભાવના તેમણે વ્યક્ત કરી હતી. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ કમલ દયાનીએ આ બેઠકમાં રાહત બચાવ સંદર્ભે પણ વિસ્તૃત ચર્ચા વિચારણા કરી માર્ગદર્શન આપ્યુ હતું. તેમણે કહ્યું કે, સંભવિત ચોમાસાની પરિસ્થિતિ સંદર્ભે રાજ્યના તમામ જિલ્લાઓમાં આગામી તા.૧લી જૂનથી ફ્લડ કન્ટ્રોલ રૂમ કાર્યરત થશે. પરિસ્થિતીને પહોંચી વળવા માટે રાજ્યમાં એન.ડી.આર.એફ.ની કુલ ૧૫ ટીમો ઉપલબ્ધ રહેશે. જે પૂરતી બોટ, લાઈફ જેકેટ તથા અદ્યતન કમ્યુનિકેશનની સુવિધાઓથી સજ્જ હશે. આ ટીમો જરૂર પડે ત્યારે રાહતબચાવ કામગીરી માટે ખડેપગે રાખવામાં આવી છે. એસ.ડી.આર.એફની ૧૧ ટીમો પણ રાહત બચાવ કામગીરી માટે સજ્જ રાખવામાં આવી છે. ઉપરવાસના વિસ્તારોમાં વધુ વરસાદ સમયે સતર્કતા સંદર્ભે પગલાં ભરવા ઉપરાંત રાજ્યના તમામ વિભાગો દ્વારા આપત્તિ વ્યવસ્થાપન પ્લાનને અદ્યતન કરાયો હોવાની માહિતી આપી હતી. આ ઉપરાંત લશ્કરની ત્રણેય પાંખ ભારે વરસાદ દરમ્યાન સંભવિત આપત્તિની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય વહીવટીતંત્ર સાથે સંકલનમાં હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું. વધુમાં બી.એસ.એફની ટીમો, રેપીડ એકશન ફોર્સ (ગુજરાત ફ્ન્ટીયર)ની ટીમ તથા તેની મહિલા ટીમો પણ રાહત બચાવ કામગીરી માટે સજ્જ રાખવામાં આવી છે. આ બેઠકમાં મુખ્ય સચિવે આપત્તિ સામે સંભવિત વિવિધ વિભાગોની સજ્જતાની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આપત્તિ વ્યવસ્થાપનમાં લોકોની સતર્કતાને મહત્વની ગણાવી આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત પૂર કે વાવાઝોડા જેવી કુદરતી આપત્તિઓના સામના માટેની પૂર્વ તૈયારી માટે લોકોને પણ જાગૃત કરવા જણાવ્યું હતું.

# ધીરેન્દ્ર શાસ્ત્રીને પડકાર ફેંકનાર પુરૂષોત્તમ પીપળિયાને ધમકીઓ મળવા લાગી

અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં ધીરેન્દ્રકુમાર શાસ્ત્રીના સુરત, અમદાવાદ અને રાજકોટમાં દરબાર યોજવાના છે. આ દરમ્યાન બાગેશ્વર ધામના ધીરેન્દ્રકુમાર શાસ્ત્રીનો વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. રાજકોટના સહકારી આગેવાન પરસોત્તમભાઈ પીપળીયાએ ગઈ કાલે ડ્રગ્સ ક્યાંથી આવે છે તેવો સવાલ પૂછતાં અને જવાબ આપે તો પાંચ લાખ ઈનામ આપવાની જાહેરાત બાદ તેમને સતત ધમકી મળી રહી છે. મારી ફેસબુક પોસ્ટ ઉપર ગાળો અને ધમકી મળવા લાગી છે. ફોન આવ્યા અને ઘરનું સરનામું પૂછવામાં આવે છે. સીધી અને આડકતરી રીતે ધમકી મળી રહી છે. એ ધમકીથી નાસીપાસ નહીં થાવ. જે ધર્મ અને ધતિંગનો ફરક છે એ અલગપાડવાનો છે. તેમના ધર્મના કાર્યક્રમને આવકારૂં છું. પોલીસપ્રોટેક્શનની જરૂર નથી અને મારાર ૬૩ વર્ષ થાય છે. ધમકી આપનારનો રાજીપો થાય જે કરવું હોય તે કરે અને મારા સરંક્ષણ માટે હું જાતે કરીશ. બાબા બાગેશ્વરને તાંત્રિક ગણાવીને રાજકોટ કોમર્શિયલ કો ઓપરેટીવ બેંકના સીઈઓ પુરસોત્તમ પીપરીયાએ પડકાર ફેંક્યો છે. પુરૂષોત્તમ પીપરીયાએર બાબા બાગેશ્વરના વિરોધમાં પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપર પોસ્ટ કરીને કેટલાક પડકાર ફેંક્યા હતા. પોતાની પોસ્ટમાં પુરૂષોત્તમ પીપળીયાને ડ્રગ્સ ક્યાંથીર આવે તે તેની માહિતી આપવાનો પડકાર ફેંક્યો હતો. એટલુ જ નહી, જો બાબા બાગેશ્વર ડ્રગ્સની જાણકારી આપે તો પાંચ લાખનું ઈનામ આપવાની પણ જાહેરાત કરી હતી. પુરૂષોત્તમર પીપળીયાએ બાબા બાગેશ્વર વશીકરણની વિદ્યાનો દુરૂપયોગ કરતા હોવાનો આરોપ લગાવ્યો હતો. સાથે જ અંધશ્રદ્ધા ફેલાવતા હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. જો બાબા ત્રિકાળ જ્ઞાની હોય તો ડ્રગ્સ ક્યાંથી આવે છે. તેની માહિતી આપે અને જો બાબા ડ્રગ્સ સપ્લાય ચેઈનની માહિતી આપશે તો તે પોતે બાબા બાગેશ્વરનું મંદિર બનાવશે તેવી જાહેરાત કરી હતી.

# પુરૂષોત્તમ પીપળિયા બાદ અમદાવાદના ડોક્ટરે પણ ધીરેન્દ્ર શાસ્ત્રીને કિડની અને કેન્સરના દર્દીઓને સાજા કરવા પડકાર ફેંક્યો

### અમદાવાદમાં આગામી ૨૯ અને ૩૦ મેના રોજ બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર લાગવાનો છે તે પહેલા જ તેમને વધુ એક પડકાર મળ્યો છે

અમદાવાદ, તા.૧૯

બાબા બાગેશ્વર એટલે કે ધીરેન્દ્રશાસ્ત્રી આગામી દિવસોમાં ગુજરાતની મુલાકાતે આવવાના છેઅનેરાજ્યના વિવિધ શહેરોમાં તેમનો દરબાર લાગવાનો છે. અમદાવાદમાં આગામી ૨૯અને ૩૦ મેના રોજ બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર લાગવાનો છે, તે પહેલા જ તેમને મળી છે એક ચેલેન્જ. અમદાવાદ મેડિકલ એસોસિએશનના સભ્ય અને જાણીતા ડોક્ટર વસંત પટેલ બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીને પડકાર ફેંક્યો છે કે, જો બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીમાં કોઈ શક્તિ છે તો કિડની અને કેન્સર હોસ્પિટલમાં દર્દીઓને સાજા કરે. બાબા બાગેશ્વર ગુજરાતમાં આવે તે પહેલા જબરદસ્ત વિવાદ શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર અલગ-અલગ શહેરોમાં લાગવાનો છે. તેમાં શરૂઆત સુરતથી થવાની છે. ત્યાર બાદ તેમનો દરબાર અમદાવાદમાં લાગવાનો છે અમદાવાદમાં ઘાટલોડીયાના ચાણક્યપુરી વિસ્તારમાં તેમનો આ દરબાર ભરાશે. ત્યાર બાદ બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો રાજકોટમાં પણ દરબાર લાગવાનો છે. બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારમાં મોટી સંખ્યામાં લોકોની ભીડ ઉમટે છે. અમદાવાદમાં બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર લાગે તે પહેલા જ એક મોટો વિવાદ થયો છે. બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીને અમદાવાદ મેડિકલ એસોસિયેશનના ડોક્ટર દ્વારા પડકાર ફેંકવામાં આવ્યો છે. અમદાવાદમાં પ્રેક્ટિસ કરતાં ડોક્ટર વસંત પટેલે સોશિયલ મીડિયા ઉપર બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી સામે પડકાર ફેંક્યો છે કે, બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીમાં જો ખરેખર કોઈ શક્તિ છે તો તેઓ કિડની અને કેન્સર હોસ્પિટલમાં દર્દીઓને સાજા કરે. તેમજ દેશમાંથી નક્સલવાદને આતંકવાદનો ખાતમો કરે. મહત્વનું છે કે, બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી તેમનો દિવ્ય દરબાર ગુજરાતમાં અલગ-અલગ શહેરોમાં લગાવે તે પહેલા જ તેમની સામે વિરોધના સૂર ઉઠ્યા છે. એટલે આગામી દિવસોમાં તેમનો આ દિવ્ય દરબાર ભરાય છે કે પછી વિવાદ સર્જાય છે, તે જોવાનુંરહ્યું.

# છત્તીસગઢ દારૂ કૌભાંડ : સર્વોચ્ચ અદાલતે EDને કહ્યું કે 'ભયનું વાતાવરણ' સર્જશો નહીં

નવીદિલ્હી, તા.૧૯

સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને 'ભયનું વાતાવરણ' બનાવવા સામે ચેતવણી આપી હતી છત્તીસગઢ સરકારે આરોપ મૂક્યો હતો કે, કેન્દ્રીય સંસ્થા મની લોન્ડરિંગમાં મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને ૨૦૦૦ કરોડ રૂપિયાના દારૂના કૌભાંડ સાથે જોડાયેલ કેસમાં ફસાવવા માટે રાજ્યમાં બેફામ દોડ ચાલી રહી છે. ન્યાયમૂર્તિ સંજય કિશન કૌલ અને અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચે જણાવ્યું હતું કે, જો કોઈ કાયદા અમલીકરણ સંસ્થાએ ભયનું વાતાવરણ ઊભું કર્યું હોય તો તે વાસ્તવિક કારણ પણ શંકાસ્પદ લાગશે. છત્તીસગઢ માટે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે અદાલતમાં રજૂઆત કરી હતી કે, રાજ્યમાં આબકારી વિભાગના ૫૦થી વધુ અધિકારીઓએ તપાસ દરમ્યાન ED તરફથી ધમકીઓ અને 'માનસિક અને શારીરિક ત્રાસ' વિશે ફરિયાદ કરી છે. તેમણે કહ્યું કે, તે બાબતોની આઘાતજનક સ્થિતિ છે. EDમાં દોડધામ મચી ગઈ છે. તેઓ આબકારી અધિકારીઓને ધમકાવી રહ્યા છે. 'શ્રી સિબ્બલે દલીલ કરી હતી કે, રાજ્યની વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩માં થવાની હતી અને તેથી જ તે થઈ રહ્યું છે'. એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી.રાજુએ કહ્યું કે, ED માત્ર પોતાની ફરજ બજાવી રહી છે અને રાજ્યમાં એક કૌભાંડની તપાસ કરી રહી છે. રાજ્યએ એક અરજીમાં જણાવ્યું હતું કે, 'આબકારી વિભાગના ૫૨ અધિકારીઓએ તપાસ દરમ્યાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના અધિકારીઓ દ્વારા માનસિક અને શારીરિક ત્રાસનો દાવો કરીને લેખિતમાં ફરિયાદ કરી છે'. છત્તીસગઢે કહ્યું કે, તે પોતાની જાતને 'વિશિષ્ટ પરિસ્થિતિમાં જોઈ રહ્યા છે જ્યાં કેન્દ્રીય સંસ્થાઓ વિરૂદ્ધ રાજ્ય તપાસ સંસ્થાઓ દ્વારા કોઈપણ કાર્યવાહી કેન્દ્રરાજ્ય સંઘર્ષ તરફ દોરી જશે'. રાજ્યએ નોંધ્યું છે કે, ઘણા અધિકારીઓએ ગંભીર આક્ષેપો કર્યા છે કે તેમના પરિવારના સભ્યોને પણ બક્ષવામાં આવ્યા નથી. તેઓને પણ 'શારીરિક રીતે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને ખાલી પૃષ્ઠો અથવા પ્રી-ટાઈપ કરેલા દસ્તાવેજો ઉપર સહી કરવાની ધમકી આપવામાં આવી હતી'. તેમાં ઉમેર્યું હતું કે, દારૂના કૌભાંડના કેસમાં અરજદારોમાંના એકે વિશેષ ન્યાયાધીશ, PMLA (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) સમક્ષ રજૂઆત કરી છે કે રાજ્યના મુખ્યમંત્રીનું નામ આપવા માટે તેને મારવામાં આવી રહ્યો છે. રાજ્યએ ૧૪૦ પાનાની અરજીમાં કહ્યું કે છત્તીસગઢમાં 'કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ' છે. રાજ્યએ તેની અરજીમાં જણાવ્યું હતું કે, 'EDની કાર્યવાહીને કારણે વહીવટી સ્થિરતા છે.' "EDની આ ક્રિયાઓ રાજ્ય સરકારને બિન-સ્થાપિત કરવાના સુવ્યવસ્થિત અને લક્ષ્યાંકિત પ્રયાસનો એક ભાગ છે. છત્તીસગઢ રાજ્ય પાસે સુપ્રીમ કોર્ટમાં જવા સિવાય કોઈ વિકલ્પ નથી" અરજીમાં વિનંતી કરવામાં આવી હતી. રાજ્યનો આરોપ છે કે, ઈડી દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ સંપૂર્ણ રીતે અધિકારક્ષેત્ર વિનાની અને ગેરકાયદેસર હતી કારણ કે, તેમાં કોઈ અંતર્ગત પૂર્વસૂચન ગુનો ન હતો. 'હાલના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા હાથ ધરવામાં આવેલી ગેરકાયદેસર તપાસ સંઘવાદના સિદ્ધાંતની વિરૂદ્ધ છે જે બંધારણના મૂળભૂત માળખાનો એક ભાગ છે.' છત્તીસગઢે તાજેતરમાં મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ, ૨૦૦૨ની કેટલીક જોગવાઈઓની કાયદેસરતાને પડકારતી બંધારણની કલમ ૧૩૧નો ઉપયોગ કરતો મૂળદાવો દાખલ કર્યો હતો. રાજ્યએ આરોપ મૂક્યો હતો કે, આ જોગવાઈઓનો કેન્દ્રીય સંસ્થાઓ દ્વારા દુરૂપયોગ થવાની સંભાવના છે જે તેમને 'ધમકાવવા, બિન-ભાજપ રાજ્ય સરકારની સામાન્ય કામગીરીને હેરાન કરે છે અને ખલેલ પહોંચાડે છે. સર્વોચ્ચ અદાલત છત્તીસગઢ સ્થિત બે વ્યક્તિઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી, જેમાંથી એકની ED દ્વારા કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી છે, જેમાં મની લોન્ડરિંગવિરોધી સંસ્થાઓ દ્વારા શરૂ કરવામાં આવેલી કાર્યવાહીને પડકારવામાં આવ્યો છે. રાજ્યએ અરજીનું અમલ માટેની કરવા અરજી દાખલ કરી હતી.

# અસહ્ય ગરમી વચ્ચે માઠા સમાચાર : ગુજરાતમાં આ વર્ષે ચોમાસું મોડું આવશે, ૧૯મી જૂનથી શરૂ થવાની શકયતા

### ગુજરાતમાં કેરળના ૧૫ દિવસ બાદ ચોમાસું બેસશે: આ વર્ષે રાજ્યમાં સામાન્યથી મધ્યમ સ્તરનો વરસાદ રહેશે : હવામાન વિભાગ



અમદાવાદ, તા. ૧૯

હાલસમગ્ર રાજ્યમાં અસહ્ય ઉકળાટ સાથે અંગ દઝાડતી ગરમી પડી રહી છે. આકાશમાંથી વરસી રહેલા અગનગોળા વચ્ચે ગુજરાતના લોકો માટે માઠા સમાચાર આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ વર્ષે ગુજરાતમાં ચોમાસાની શરૂઆત મોડી થશે. રાજ્યમાં ૧૯મી જૂનથી ચોમાસું શરૂ થવાની શકયતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે હવામાન વિભાગે આગાહી કરી હતી કે, આ વખતે રાજ્યમાં સામાન્યથી મધ્યમ સ્તરનો વરસાદ નોંધાશે. ગુજરાતમાં ઉનાળાની આકરી ગરમી લોકોને તોબા પોકારાવી રહી છે. હવે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કે અન્ય પ્રકારના ફેરફાર નહીંવત હોઈ કમોસમી વરસાદની શક્યતા ગાયબ થઈ છે. જોકે, પુરબહારમાં ખીલી ઊઠેલા ઉનાળામાં અરબી સમુદ્રથી આવતા ભેજવાળા પવનોએ બફારો વધારી દીધો છે. વાદળછાયું વાતાવરણ અને બફારો છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના લોકોને ભારે ગરમી આપી રહ્યો હોય, તેમ છતાં ઉકળાટ વધવાથી લોકો ત્રસ્ત થયા છે. ત્યારે ગુજરાતમાં ચોમાસાને લઈને મોટું અપડેટ સામે આવ્યું છે. રાજ્યમાં ચોમાસું મોડું શરૂ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસા દરમ્યાન ગુજરાતમાં વરસાદ સરેરાશ સામાન્યથી મધ્યમ રહેશે. કેરળમાં ૪ જૂનના રોજ ચોમાસાની શરૂઆત થવાની સંભાવના છે. ગુજરાતમાં કેરળમાં વરસાદના ૧૫ દિવસ બાદ ચોમાસાની શરૂઆત થશે. એટલે કે ગુજરાતમાં ૧૯ જૂન સુધીમાં ચોમાસાનો પ્રારંભ થવાની શક્યતા છે. આ વર્ષે ગુજરાતમાં ચોમાસું સામાન્યથી મધ્યમ રહેવાનુ પુરેપુરી સંભાવના છે. આગામી ચોમાસાની પૂર્વ તૈયારીના ભાગરૂપે સરકાર તેજ થઈ ગઈ છે. હવામાન વિભાગ ડિરેક્ટર મનોરમા મોહન્તીએ જણાવ્યું કે, મુખ્ય સચિવની કામગીરી સંદર્ભે બેઠક યોજાઈ હતી. ગ્રામ્યથી જિલ્લા કક્ષા સુધી વરસાદમાં કેવી કામગીરી થશે તેના એકશન પ્લાનની ચર્ચા કરવામાં આવી હતી. IMDએ પણ જણાવ્યું છે કે, કેરળમાં ૪ જૂનથી વરસાદ આવે તેવી શક્યતા છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય રીતે ૧ જૂનથી કેરળમાં પ્રવેશ કરે છે. તેમાં લગભગ ૭ દિવસ જેટલું મોડું અથવા વહેલું થવાની શક્યતા રહેતી હોય છે. હવામાન વિભાગના કાર્યાલયે નિવેદન આપતાં કહ્યું કે, આ વર્ષે કેરળમાં દક્ષિણ-પશ્ચિમ મોનસૂન થોડુંમોડું આવી શકે છે. કેરળમાં ચોમાસું ૪ જૂનથી શરૂ થઈ શકે છે. ૨૦૨૨માં દક્ષિણી રાજ્યમાં મોનસૂન ૨૯ મેનાં શરૂ થયું હતું જ્યારે ૨૦૨૧માં ૩ જૂનનાં રોજ શરૂ થયું હતું.

# દુબઈમાં ફ્રીલાન્સ વિઝા માટે કેવી રીતે અરજી કરવી તે અહીં જાણો

નવીદિલ્હી, તા.૧૯

જો તમે એક ફ્રીલાન્સર છો જે દુબઈ શિફ્ટ થવા માંગે છે, તો તમારે આ વિશેષ વિઝા માટે આવશ્યક વિઝા અને દસ્તાવેજ-સંબંધિત પ્રક્રિયાઓમાંથી પસાર થવાની જરૂર છે. જે કોઈપણ વ્યક્તિને દુબઈમાં ફ્રીલાન્સિંગ કરવાની મંજૂરી આપશે. સંયુક્ત અરબ અમીરાતમાં કેબિનેટના ઠરાવ નંબર ૬(૧)(I) અનુસાર ફ્રીલાન્સવર્ક પરમિટની વિચારણા થઈ શકે છે. ૨૦૨૨ના ફેડરલ ડિક્રી-લો નંબર ૧ની કલમ ૬ની જોગવાઈઓને આધીન છે. ખલીજ ટાઈમ્સના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રોજગાર સંબંધોના નિયમન ઉપર ૨૦૨૧ના ? કાયદા નંબર ૩૩ હેઠળ નીચેના પ્રકારની વર્ક પરમિટની મંજૂરી આપવામાં આવશે. ફ્રીલાન્સ શબ્દ એક સ્વતંત્ર અને લવચીક કાર્ય વ્યવસ્થાને દર્શાવે છે જેમાં મૌલિકતા ધરાવતો વ્યકિત ચોક્કસ સમય માટે કામ કરીને, કોઈ ચોક્કસ કાર્યને પૂર્ણ કરીને અથવા કોઈ વ્યક્તિ અથવા વ્યવસાય માટે તે વ્યવસાયો અથવા વ્યક્તિઓ દ્વારા રોજગાર મેળવ્યા વિના કોઈ ચોક્કસ સેવા પ્રદાન કરીને પૈસા કમાય છે. મંત્રાલયની દરખાસ્તના આધારે, કેબિનેટ મંત્રાલયની સિસ્ટમમાં ફ્રીલાન્સર્સની નોંધણી કરવા અને વર્ક પરમિટ મેળવવા, નવીકરણ કરવા અને રદ કરવા માટે જરૂરી ઠરાવો પસાર કરશે જેથી શ્રમ બજાર અને તેની જરૂરિયાતોમાં સુગમતા વધે. ઉપરોકત ઉલ્લેખિત નિયમન પ્રણાલીના પ્રકાશમાં, તમારે દુબઈના અર્થતંત્ર અને પર્યટન વિભાગ અથવા દુબઈના ફ્રી ઝોનના નિષ્ણાતોનો સંપર્ક કરવો જોઈએ કે જેઓ વિશિષ્ટ વર્ગોના લોકોને સ્વતંત્ર લાઈસન્સ આપતા હોય. યુએઈમાં ફ્રીલાન્સ વર્ક પરમિટ અથવા ફ્રીલાન્સલાઈસન્સ મેળવવા માટેની મૂળભૂત આવશ્યકતાઓમાં તમારી ડિગ્રી, પાસપોર્ટ અથવા વ્યાવસાયિક લાયકાતની નકલ સામેલ હોઈ શકે છે. તેમાં હેલ્થ ઈન્સ્યોરન્સ, સ્થાપના કાર્ડ (વૈકલ્પિક), મેડિકલ ફિટનેસ ટેસ્ટ અને તેમાં ઓથોરિટીને સંબંધિત ફીનો પણ સમાવેશ થાય છે જે ફ્રીલાન્સ વર્ક પરમિટ અથવા ફ્રીલાન્સ લાયસન્સ આપે છે.

# ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરનને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક એવોર્ડથી સન્માનિત કરાયા

નવી દિલ્હી તા.૧૯

ભારત અને ફ્રાન્સ વચ્ચે બિઝનેસને મજબૂત કરવા બદલ ફ્રાન્સદ્વારા ટાટા સન્સના ચેરમેન એન.ચંદ્રશેખરનને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. ટ્વિટર ઉપર આ અંગે માહિતી આપતાં ડિરેક્ટર જનરલ ઓફ ઈન્ડો ફ્રેન્ચ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી પાયલ એસ.કંવરે એન.ચંદ્રશેખરનને આ એવોર્ડ સ્વીકારવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. યુરોપ માટે ફ્રાન્સના મંત્રી અને વિદેશ બાબતોના મંત્રી કેથરીન કોલોનાએ ટાટા સન્સના ચેરમેન નટરાજન ચંદ્રશેખરનન ચેવિલિયર ડે લા લેગિયન ડી ઓનરથી સન્માનિત કર્યા હતા. આ એવોર્ડનું નામ છે જેને ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરિક સન્માન માનવામાં આવે છે. આ મામલે ટ્વિટ કરતાં તેમણે લખ્યું કે ચંદ્રશેખરનને શુભેચ્છા. તેમને ફ્રાન્સના સર્વોચ્ચ સન્માનથી નવાજેશ કરવામાં આવી રહ્યા છે. યુરોપના ફ્રાન્સના મંત્રી અને વિદેશ બાબતોના મંત્રી કોલોનાના હસ્તે તેમને આ એવોર્ડ આપવામાં આવી રહ્યો છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે બિઝનેસને સર્વોચ્ચ ટોચે પહોંચાડવામાં તેમની ભૂમિકા મહત્ત્વની રહી છે અને તેને ધ્યાનમાં રાખીને જ તેમને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી રહ્યા છે. ઈન્ડો- ફ્રેન્ચ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (IFCCI) પહેલાથી જ ફ્રાન્સ સાથે બિઝનેસ પાર્ટનરશિપ ધરાવે છે. તેના પમા ફ્લેગશિપ ઈવેન્ટમાં ઈન્ડો ફ્રેન્ચ બિઝનેસ એવોર્ડ અને ગ્રાન્ડ પ્રિક્સ વીઆઈઈ એચ.ઈ.મિ.ઈડોરાડ ફિલિપ, પૂર્વ વડાપ્રધાન અને મેયર લે હાવરેની હાજરીમાં આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ સીઈઓ પણ જોડાયા હતા. તેમાં અનેક બિઝનેસ લીડર પણ આવ્યા હતા જેઓ ભારત અને ફ્રાન્સની કંપનીઓમાં ટોચના હોદ્દાઓ ઉપર કાર્યરત છે.

# મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીને ભાવનગર વડી કચેરી તરફથી નોટીસ : ખુલાશો પૂછાયો

## ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર મેન પાવર આઉટ સોર્સિંગથી કામ લેવામાં આવી રહ્યું છે

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લા પંચાયતમાં ટેન્ડર પ્રકિયા કર્યા વગર મેનપાવર આઉટ સોર્સિંગનું કામ આપી દેવાતા ભાવનગર આરોગ્ય અને તબીબી સેવા વિભાગીય નાયબ નિયામક દ્વારા જૂનાગઢના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયતને એક નોટીસમાં એવું જણાવ્યું છે કે, તેમના વિભાગ દ્વારા સરકારના નિયમ અનુસાર કોઈપણ ટેન્ડર પ્રક્રિયા વગર ખાનગી એજન્સી પાસેથી મેન પાવર આઉટ સોર્સિંગથી કામ લેવામાં આવી રહ્યું છે, તે અનધિકૃત છે. આ મામલે તાકીદે ૭ દિવસમાં ખુલાસો કરવા અને આ એજન્સીનું પેમેન્ટ અટકાવી દેવા સુચના આપી છે.

ભાવનગર આરોગ્ય અને તબીબી સેવા વિભાગીય નાયબ નિયામક ડો.એમ.જે. ફેન્સીએ નોટીસમાં જણાવ્યું છે કે, જૂનાગઢ જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા હાલ જે ઈથોસ એજન્સી પાસેથી મેન પાવર આઉટ સોર્સિંગથી કામ લેવામાં આવી રહ્યું છે તે અનધિકૃત છે. તાબા હેઠળના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અન્ય એજન્સી પાસેથી આઉટ સોર્સથી સેવા લેવામાં આવી રહી છે.

જયારે ભાવનગર ઝોનમાં અન્ય જિલ્લા પંચાયત ખાતે વિભાગીય નાયબ નિયામક ભાવનગરના ટેન્ડર કરેલ આદેશ અનુસાર આઉટ સોર્સની સેવાઓ લેવામાં આવી રહી હોવાની રજૂઆત મળેલ હતી. જે અન્વયે અત્રોની કચેરીના સંદર્ભે વિભાગીય કક્ષાએથી નિયત કરેલ એજન્સી પાસેથી સેવા લેવાને બદલે કોઈપણ પ્રકારના ટેન્ડરીંગની કાર્યવાહી કર્યા સિવાય અન્ય એજન્સી પાસેથી આઉટ સોર્સિંગની સેવાઓ લેવામાં આવતી હોય આ બાબતે આપનો ખુલાસો રજુ કરવા જણાવેલ તેમજ અત્રોથી કરેલ ટેન્ડરીંગ મુજબ નિયત થયેલ એજન્સી એમ.જે.સોલંકી-ભાવનગર અને ડી.જી.નાકરાણી-ભાવનગર પાસેથી સેવા લેવી જોઈએ. તેના બદલે ટેન્ડર વગર અન્ય એજન્સી પાસેથી શા માટે કામગીરી લેવામાં આવી રહી છે. આ મામલે આગામી સાત દિવસમાં ખુલાસો કરવા અન્યથા તમારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા વડી કચેરીને જાણ કરવાની ફરજ પડશે. તેમજ હવે પછી આ મંજુર થયેલ બંને એજન્સી સિવાય ઈથોસ એજન્સીને પેમેન્ટ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં પેમેન્ટ કરવામાં આવશે અને આ બાબતે જો કોઈ નાણાકીય પ્રશ્નો ઉભા થશે તો સંપૂર્ણ જવાબદારી આપની રહેશે, તેવું જણાવ્યું છે. તો બીજી તરફ ઈથોસ નામની એજન્સી સાથે કામ કરતા કર્મચારીઓએ જણાવેલ છે કે, આ એજન્સીએ માનવતા નેવે મૂકી છે અને ગરીબ કર્મચારીઓનું શોષણ કરી રહ્યા છે, તેઓને કયારેય પગાર સ્લીપ આપવામાં આવતી નથી એટલે અમોને સરકારના ધારાધોરણ પ્રમાણે પગાર મળે છે કે કેમ ? તે ખબરજ નથી, તે ઉપરાંત માર્ચ મહિનાથી પગાર ચુકવેલ નથી. જૂનાગઢ જિલ્લા ઈન્ચાર્જ મુખ્ય આરોગ્ય અધિકારી ડો.શિલ્પાબેન જાવિયાને જયારે આ મામલે પૂછવામાં આવ્યું ત્યારે તેમને સ્વીકાર્યુ હતું કે, હા, અમને ભાવનગરની વડી કચેરી થી ઈથોસ એજન્સીને પેમેન્ટ ન આપવા અને સાત દિવસમાં ખુલાસો કરવા પત્ર મળ્યો છે, ડો.શિલ્પાબેન જાવિયાએ જણાવ્યું હતું કે તેઓએ ચાર્જ સંભાળ્યાને હજુ ચાર માસ થયા છે, ત્યારે આ એજન્સીની ટેન્ડરીંગ મામલે શું છે તે તપાસ કર્યા બાદ જ માલુમ પડશે, તેઓને ભાવનગર વડી કચેરી તરફથી મળેલ પત્રાની અમલવારી કરવામાં આવશે અને ૪ માસમાં ટેન્ડર બહાર પાડવાની કામગીરી ચાલું છે, તેની મંજુરી માટે ફાઈલ જિલ્લા વિકાસ અધિકારી પાસે છે. ટેન્ડર પ્રકિયા કર્યા વગર મેન પાવર આઉટ સોર્સિંગનું કામ ઈથીઓસ એજન્સીને આપી દેવાના મામલામાં જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે જણાવ્યું હતું કે અત્યારે જીઈએમ (ગવર્મેન્ટ ઈ માર્કેટપ્લેસ) ના માધ્યમથી બીડ્સની પ્રક્રિયા ચાલી રહી છે અને પિંચોતેર લાખ ઉપરનું ટેન્ડર હોવાથી આખું પ્રકરણ આરોગ્ય વિભાગની વડી કચેરી ભાવનગર ખાતે મોકલી આપવામાં આવશે. એટલે હવે પછી મેન પાવર આઉટ સોર્સિંગના ટેન્ડરિંગની કાર્યવાહી કરવામાં આવશે.

## નશીલા પદાર્થોના સેવનની પ્રવૃત્તિઓ અટકાવવા

# યુવા વર્ગમાં વધુમાં વધુ જાગૃતિ આવે તથા નશાનું સેવન કરતા અટકે અને "Say yes to life, No to Drugs" કહેતા થાય તેવા જનજાગૃતિના પ્રયાસો જરૂરી : કમિશ્નર રાજુ ભાર્ગવ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૯

નાર્કોટીકસની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકવવા માટે કાર્યરત કેન્દ્રના તથા રાજયના અલગ અલગ વિભાગો અને એજન્સીઓ પરસ્પરના સંકલનમાં રહી સંયુકત રીતે કામ કરી શકે તે માટે "નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટર-એનકોર્ડ" કમિશનરેટવિસ્તારની કમીટીની મીટીંગ રાજકોટ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. નશાબંધીને લગતા ગુન્હાઓ અટકાવવા પ્રતિબધ્ધ રાજકોટ શહેર પોલીસે જનજાગૃતિ અર્થે કરેલી કામગીરીની સમિક્ષા બેઠકમાં પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે કરી હતી. નશીલા પદાર્થો તથા માદક દ્રવ્યોના સેવનની






## નાર્કોટીકસની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકવવા યોજાયેલી સમીક્ષા બેઠક

પ્રવૃત્તિઓ અટકાવવા માટે જન જાગૃતિ કાર્યક્રમો મારફત સંબંધિત વિભાગો દ્વારા કરવાની થતી જુદી જુદી પ્રવૃત્તિઓની ચર્ચા કરવામાં આવી હતી. ઈન્ટરનેટના માધ્યમ થકી માદક દ્રવ્યોનાં સેવનનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે યુવા વર્ગમાં વધુમાં વધુ જાગૃતિ આવે તથા નશાનું સેવન કરતા અટકે અને "Say yes to life, No to Drugs" કહેતા થાય તેમાટે જરૂરી તમામ પ્રયત્નો કઈ રીતે કરી શકાય તે માટે આ બેઠકમાં લંબાણપૂર્વક ચર્ચા થઈ હતી. પોલીસ વિભાગ દ્વારા જપ્ત કરાયેલા નશીલા પદાર્થો તથા માદક દ્રવ્યોની કામગીરી, જુદી જુદી કોલેજો શાળાઓમાં કરવામાં આવેલા અવેરનેસ કાર્યક્રમોની માહિતી પણ આ તકે પ્રેઝન્ટેશન દ્વારા આપવામાં આવી હતી. આ તકે નાયબ પોલીસ કમિશનરશ્રી ડો. પાર્થરાજસિંહ ગોહિલએ ઉપસ્થિત તમામ અધિકારીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ મિટિંગમાં નાયબ પોલીસ કમિશનર સજ્જનસિંહ પરમાર, નાયબ પોલીસ કમિશનર પૂજા યાદવ, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેટર જે.ડી.ઝાલા, ડી.વાય.એસ.પી. આર. બી.ઝાલા, પ્રાંત અધિકારીઓ કે.જી.ચૌધરી અને સંદીપ વર્મા, ખેતીવાડી અધિકારી એ.એલ. સોજીત્રા, નાયબ વન સંરક્ષક તુષાર પટેલ, તોલમાપઅધિકારી જે.એચ.આડેસરા, ડ્રગ ઈન્સ્પેકટર તેજલ મહેતા સહિતના સંબંધિત વિભાગનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ એસટી ડેપોના પાર્સલ વિભાગ સંચાલકની કામગીરીને બિરદાવી

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૯

કેશોદ એસટી ડેપો ખાતે ૧૪ મેના રોજ એસટી વિભાગ અમદાવાદના જનરલ મેનેજર જે.બી.વદર કેશોદ એસટી ડેપોની મુલાકાતે આવ્યા હતા અને ડીસી શ્રીમાળી, કીડીઓ ખાંભલા તેમજ ડેપો મેનેજર સહિત હાજર રહી કેશોદ એસટી ડેપોની સાફસફાઈ જોઈ આ કામગીરી પાર્સલ વિભાગના સંચાલક સિદ્ધરાજસિહ રાયજાદા જોડાયેલ હોય તેમની કામગીરીને જીએમ દ્વારા બિરદાવાઈ હતી. ડેપો મેનેજર બી.જી. ભીલ દ્વારા ડેપોની સાફસફાઈ નવી બહાના લોકાર્પણ સમયે રાજકીય



આગેવાનોને નિમંત્રણ આપવું તેમજ સ્વાગત સહિતની વ્યવસ્થા કરવી જેવા ડેપોના વિકાસલક્ષી અભિગમમાં જોડાવા બડલ પ્રમાણપત્ર એનાયત કરી સન્માનીત કરાયા હતા.

# રાજકોટમાં રૂા. ૨૫૪૫.૨૨ લાખના ખર્ચે તૈયાર થયેલા ૧૨૦ પોલીસ આવાસોનું ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે લોકાર્પણ

રાજકોટ, તા. ૧૯

ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના વરદ હસ્તે આજે રાજકોટ શહેર પોલીસ મુખ્ય મથક ખાતે રૂ. ૨૫૪૫.૨૨ લાખના ખર્ચે તૈયાર થયેલા ૧૨૦ પોલીસ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ લાભાર્થી પરિવારોને સુવિધાસભર આવાસોની ચાવી સોંપીને પ્રગતિની શુભકામના પાઠવીહતી. આ તકે ગૃહ રાજ્યમંત્રી શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, ''આ ઘરને સરકારનું નહિ પરંતુ તમારું પોતાનું સમજજો. અને આ ઘરમાં આપ ખૂબ ખૂબ પ્રગતિ કરો તેવી શુભકામના પાઠવું છું.'' શહેર પોલીસ કમિશનરશ્રી રાજુ ભાર્ગવે મંત્રીશ્રીને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. મંત્રીશ્રી સંઘવીએ ''સી'' તથા ''બી'' શ્રેણીના મકાનોનું લોકાર્પણ કર્યુ હતું અને આવાસોમાં જઈને સુવિધાઓનું નિરીક્ષણ પણ કર્યું હતું. આ તકે રાજકોટ શહેરના મેયરશ્રી પ્રદીપ ડવ, સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યો સર્વશ્રી ઉદય કાનગડ, શ્રી દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પુષ્કર પટેલ, રાજકોટ કલેક્ટરશ્રી પ્રભવ જોશી, નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનરશ્રી ધીમંત વ્યાસ, ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોર, ક્રાઈમ બ્રાન્ચના ડી.સી.પી.શ્રી પાર્થરાજસિંહ ગોહિલ, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશ મીરાણી, અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ, પોલીસ સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આવાસોના લોકાર્પણ બાદ મંત્રીશ્રી સંઘવીએ પોલીસ મુખ્ય મથકના સમગ્ર પરિસરની મુલાકાત લઈને પોલીસ સ્ટાફને મળતી સુવિધાઓનું નિરીક્ષણ કર્યુ હતું. તેમણે ક્રિકેટ ગ્રાઉન્ડ નિહાળ્યા બાદ મંદિર ખાતે દર્શન કર્યા હતા, પરિસરમાં પોલીસ સ્ટાફ તેમજ પરિવાર માટેના જીમ્નેશિયમ તેમજ પોલીસ કેન્ટીનની પણ તેમણે મુલાકાત લીધી હતી. નોંધનીય છે કે, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા શહેર પોલીસના મુખ્ય મથક ખાતે ૯૧.૮૬ ચોરસ મીટરના ''સી'' કક્ષાના ૪૦ આવાસો તથા ૭૮.૮૫૫ ચોરસ મીટરના ''બી'' કક્ષાના ૮૦ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ અંગે પોલીસ આવાસના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી એમ.જી. પાનસુરીયાએ જણાવ્યું હતું કે, બે બેડરૂમ ફર્નિચર સાથે, ડ્રોઈંગ રૂમ, બાલ્કની અને કિચન ફર્નિચર સાથેના આ સુવિધાયુકત આવાસોના બાંધકામમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત, અદ્યતન ટાઈલ્સ, આંતરિક પ્લાસ્ટિક પેઈન્ટ તથા બાહ્ય વેધરપ્રૂફ એક્રેલિક ઈમલ્સન પેઈન્ટ સહિતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તમામ આવાસોમાં લાઈટિંગ, એટેચ ટોઈલેટ બાથરૂમ, અદ્યતન ડોર, સ્લાઈડર વિંડોમાં મચ્છર જાળી સહિતની સુવિધા છે. ''સી'' કક્ષાના આવાસોમાં કુલ ૨૯ કાર પાર્કિંગ જ્યારે ''બી'' કક્ષાના આવાસોમાં ૨૫ કાર પાર્કિંગની સુવિધા છે. ઉપરાંત ગાર્ડનમાં લોન, બાળકો માટે રમતગમતનાં સાધનો તથા જીમ ઈક્વિપમેન્ટ એરીયાની સુવિધા તેમજ મકાનોની ચારે બાજુ પેવર બ્લોક લગાવવામાં આવ્યા છે.


# સોરઠીયા વાણંદ જ્ઞાતિના કુ.એકતાબેનની કેશોદ પોસ્ટ માસ્ટર તરીકે નિમણુંક

જૂનાગઢ, તા.૧૯

સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં કુ.એકતાબેન નિરંજનભાઈ પરમારની કરેણી, કેશોદ ખાતે પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં પોસ્ટ માસ્તરની નિમણુંક કરવાનો સર્વિસ ઓડર રાજકોટ ખાતે યોજાયેલ રોજગાર ભરતી મેળામાં વડાપ્રધાનશ્રી દ્વારા વર્ચ્યુલ માધ્યમથી કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોષ તેમજ રામભાઈ મોકરિયા સહીતનાની ઉપસ્થિતમાં અર્પણ કરવામાં આવેલ હતો. આ નિમણુંકથી સોરઠીયા



વાણંદ જ્ઞાતિનાં પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, મંત્રી રાજુભાઈ ચુડાસમા, ધનશુખ ચુડાસમા, અમુભાઈ વાઢેર, વિજય ચુડાસમા તેમજ જગન્નાથ યુવા સંગઠનનાં પ્રમુખ ભદ્રેશભાઈ પરમાર, પાર્થ ભટ્ટી સહીતે શુભેચ્છા પાઠવી હતી.



## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ શુભારંભ કરાવશે,ચિંતન શિબિરમાં પાંચ વિષયો પર મનોમંથન થશે

# આજથી કેવડિયામાં ગુજરાત સરકારની ૧૦મી ત્રિદિવસીય ચિંતન શિબિર

(જી.એન.એસ.)

ગાંધીનગર,તા.૧૯

આજથી ગુજરાત સરકારની ત્રિદિવસીય ચિંતન શિબિર યોજાશે. સાંજે ૪ વાગ્યાથી કેવડિયામાં ૧૦મી શિબિરનો પ્રારંભ થવાનો છે. મુખ્ય સચિવના પ્રાસંગિક ઉદબોધનથી શરૂઆત થશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૧૯ થી ૨૧ મે દરમિયાન દસમી ચિંતન શિબિરનો શુભારંભ કરાવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડિયા ખાતે યોજાનારી આ શિબિરમાં મુખ્યમંત્રી સહિત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ, મુખ્ય સચિવ તેમજ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્ય સલાહકાર સહિત વરિષ્ઠ અધિક મુખ્ય સચિવઓ, સચિવો, અગ્ર સચિવો તથા જિલ્લાના કલેક્ટર-ડી.ડી.ઓ, મહાનગરોના કમિશ્નરો, ખાતાના વડાઓ એમ કુલ મળીને ૨૩૦ જેટલા લોકો જોડાશે.આ વર્ષે યોજાનારી ચિંતન શિબિરમાં પાંચ વિષયો પર મનોમંથન થવાનું છે. તેમાં આરોગ્ય અને પોષણ, શહેરીકરણ અને માળખાકીય વિકાસ, સરકારી અને તમામ સ્વાયત સંસ્થાઓના કર્મચારીઓ માટે તાલીમ અને ક્ષમતાનિર્માણ, શિક્ષણમાં ગુણાત્મક સુધારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય વિકાસ અને ક્ષમતાનિર્માણને આવરી લેવાશે. શિબિરમાં સહભાગી થનારા અધિકારીઓ, પ્રત્યેક ગ્રુપમાં ૪૫, એમ પાંચ ગ્રુપમાં ચર્ચાસત્રોમાં જોડાશે અને ચર્ચાને અંતે પોતાના નિષ્કર્ષ-ભલામણો પ્રસ્તુત કરશે. એટલું જ નહીં, વિવિધ વિષયોના તજજ્ઞો આ સત્રોમાં પ્રેરક માર્ગદર્શન પણ આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી સુશાસનની એક મહત્વપૂર્ણ પહેલ 'સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમે' હાલમાં જ ૨૦ વર્ષ પૂરા કર્યા છે. એ જ રીતે, ૨૦૦૩ માં શરૂ થયેલી ચિંતન શિબિર પણ પોતાના ૨૦ માં વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે. જેમ, સ્વાગત જેવો ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્ય રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે પણ અપનાવ્યો છે.૧૭ મે ના રોજ કેન્દ્ર સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે પોતાના વરિષ્ઠ અધિકારીઓ માટે નવી દિલ્હી ખાતે ચિંતન શિબિરનું આયોજન કર્યું છે. જેમ સ્વાગત કાર્યક્રમ કોઈ એક વ્યક્તિની અંગત સમસ્યાનું ત્વરિત સમાધાન આપે છે, એ જ રીતે, ચિંતન શિબિર આખા જન-સમુદાય માટે કોઈ વિષય પર વધુ સારું સમાધાન પૂરું પાડવાની તક આપે છે. આમ, કોઈ પહેલ પોતાના ૨૦ માં વર્ષે પણ ચાલુ હોય અને અન્ય સરકારો દ્વારા પણ અપનાવાઈ હોય, એ વાત જ, એ પહેલ કેટલી સફળ છે અને લોક-ઉપયોગી બની રહી છે તેની ચાડી ખાય છે.રોજબરોજના રાબેતા મુજબના કામમાં વ્યસ્ત રહીને ખાસ મુદ્દાઓ પર લાંબા ગાળાની યોજના બનાવવાનો ક્યારેક સમય રહેતો નથી. વળી, કોઈ એક કાર્ય- યોજના જે-તે વિભાગના અધિકારીઓ જ બનાવતા હોય છે, તેમાં અન્ય અધિકારીઓ કે તજજ્ઞોનો અભિપ્રાય લેવો પણ અઘરું બની રહેતું હોય છે, ત્યારે આવી ચિંતન શિબિર આ ખોટને પુરવાનું કામ કરે છે.ચિંતન શિબિરમાં અધિકારીઓ પોતાના નિત્યક્રમથી દૂર સ્વસ્થ ચિતે, ભેગા મળીને કોઈ એક વિષય પર સઘન મનોમંથન કરી શકે છે. આમ, ચિંતન શિબિર કેટલીય ઈનોવેટિવ પહેલની જનક બની શકે છે કે જે લોકોને જીવન જીવવાની સરળતામાં **(Ease of Living)**માં અનેક ગણો વધારો કરી આપે.

ચિંતન શિબિરનાં કાર્યક્રમની દિનચર્યા
નાણાં મંત્રી અને મુખ્યમંત્રી કરશે ઉદ્‌ઘાટન સંબોધન
સાંજે ૫ વાગે ડો. હસમુખ અઢિયા સ્ટ્રેસ મેનેજમેન્ટ પર વક્તવ્ય
સાંજે ૬ :૩૦ વાગે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સથી આવેલા પરિવર્તન અને પડકાર પર થશે ચર્ચા
રાત્રે ૮ કલાકે રાત્રી ભોજન અને સાંસ્કૃતિક કાર્યક્રમો થશે
૨૦ મેં એ સવારે ૬ વાગે યોગ થી સ્ત્ર ની શરૂઆત થશે
૧૦ વાગે વિક્રસ ના મુદ્દા પર ડો. અમરજીત સિન્હા કરશે સંબોધન
સવારે ૧૧ થી ૫ વાગ્યા સુધી મુખ્ય ૫ મુદાઓ પર થશે ચર્ચા
આરોગ્ય પોષણ શહેરીકરણ અને માળખાગત વિકાસ,
સરકારી કર્મચારીઓ માટે તાલિમ અને ક્ષમતા નિર્માણો
ગ્રામ્ય વિસ્તારો માં અને ક્ષમતા નિર્માણ
શિક્ષણ માં ગુણાત્મક સુધારો પર થશે ચર્ચા
સાંજે ૬ વાગે સ્ટેચ્યુ ઓફ યુનિટી ની મુલાકાત અને ગ્રૂપ ફોટો થશે
સાંજે ૭:૩૦ વાગે લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજાશે
રાત્રે ૮:૧૫ કલાકે નર્મદા આરતીમાં ભાગ લેશે સરકાર અને સચિવો
૨૧ મેં એ સવારે ૬ વાગે યોગથી થશે સત્ર ની શરૂઆત
૧૦ થી ૧૨:૩૦ સુધી ૫ મુદ્દાઓની ચર્ચા બાદની ભલામણ પર થશે પ્રેઝટેશન
બપોરે ૧૨:૩૦ થી ૧ કેન્દ્ર અને રાજ્ય સરકારના જિલ્લા સુશાસન સુચકાંકનું લોકપર્ણ
બપોરે ૧ વાગે મુખ્યમંત્રી કરશે સમાપન સંબોધન
૨ વાગે શિબિર સમાપન

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં શનિદેવ પ્રાગટ્ય મહોત્સવની ભાવભેર ઉજવણી

**શહેરનાં ભૂતનાથ મંદિર ખાતે આવેલ શનિદેવનાં મંદિરે તેમજ ભવનાથ શનિદેવનાં મંદિર અને હાથલા ખાતે આવેલા શનિદેવનાં મંદિરે વિવિધ કાર્યક્રમ : ભાવિકોએ લીધો દર્શનનો લીધો લાભ**










(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૧૯

જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે શનિદેવનાં પ્રાગટ્ય ઉત્સવની ભાવભેર અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. અને વિવિધ કાર્યક્રમો યોજાયા છે ત્યારે ભાવિકોએ દર્શનનો લાભ લીધોહતો.


જૂનાગઢ શહેરમાં કોલેજ રોડ ઉપર આવેલા ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે આવેલા શનિદેવનાં મંદિરે આજે સવારથી જ પૂજન-અર્ચન સહિતનાં કાર્યક્રમો ભાવભેર યોજાયા હતાં. અને ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. ત્યારે જૂનાગઢ નજીક આવેલા ભવનાથ તિર્થ ક્ષેત્રમાં આવેલા શનિદેવ મંદિરે આજે શનિદેવ જન્મોત્સવ નિમિત્તે પૂજા, મહાયજ્ઞ સહિતનાં કાર્યક્રમોયોજવામાં આવી રહયા છે. આજે સવારે ૭.૩૦ કલાકે મહાયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જયારે ૯.૩૦ કલાકે ગણપતિ તથા શનિદેવની પૂજા કરવામાં આવી હતી. જયારે બપોરનાં ૧૨ કલાકે ભોજન પ્રસાદનો કાર્યક્રમ યોજાયો હતો. અને મહાયજ્ઞની પૂર્ણાહુતિ સાંજે ૬ કલાકે કરવામાં આવનાર છે. દર્શન, પૂજન, અર્ચન અને પ્રસાદનો લાભ ભાવિકોએલીધો હતો. શનિદેવ મંદિરનાં મહંત તુલસીનાથ બાપુનાં માર્ગદર્શન હેઠળવિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. આ ઉપરાંત હાથલા ખાતે આવેલા શનિદેવનાં મંદિરે પણ આજે સવારથી જ પૂજન, અર્ચન, આરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા હતાં. જૂનાગઢ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં શનિદેવ જન્મોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. કષ્ટદાયક આધિવ્યાધીમાંથી મુકિત આપનારા અને ભાવિકોની મનોકામનાં પૂર્ણકરી તેમનું સુખમય જીવન બનાવનારા ભગવાન શનિદેવને આજેભાવિકોએદર્શન કરીઅને સૌનું કલ્યાણ કરવાની ભાવના વ્યકત કરી હતી.

# સાસણ-દેવળીયા સફારીપાર્કમાં સિંહ દર્શન કરતું G-૨૦ ડેલિગેટ્સ

**ગીરના સિંહોને નિહાળી રોમાંચ અનુભવતા G-૨૦ના મહેમાનો : G-૨૦ દેશોના ૩૫ વિદેશી પ્રતિનિધિઓ ગીરના સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વૈભવથી પરિચિત થયા : ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પણ સિંહ દર્શન કર્યા : જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગે મહેમાનોનું સુતરની આટી પહેરાવી અને પુષ્પ આપી સસ્નેહ સ્વાગત કર્યું**






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

G-૨૦ના ડેલીગેટ્સે એશિયાઈ સિંહોના એકમાત્ર નિવાસસ્થાનએવા ગીર ખાતેના દેવળીયા સફારી પાર્કમાં પ્રકૃતિના ખોળે વિહરતા સિંહો સહિતના વન્ય પ્રાણીઓ અને પ્રાકૃતિક વૈભવ નિહાળી અભીભૂત થયા હતા. સાથે જ તેઓ ગીરના સાંસ્કૃતિક અને પ્રાકૃતિકવૈભવથી પણ પરિચિત થયા હતા. દીવ ખાતે સાયન્સ-૨૦ અંતર્ગત સાયન્ટિફિક ચેલેન્જર્સ એન્ડ ઓપ્ર્યુનીટી ટુવાર્ડસ અચીવીંગ અ સસ્ટેનેબલ બ્લુ ઈકોનોમી બેઠકમાં સહભાગી થઈને ખાસ બસના માધ્યમથી દેવળીયા સફારી પાર્ક ખાતે પધારેલા G-૨૦ના ૭૫ લોકોના ડેલિગેટ્સમાં ટેકનો ક્રેટ, વૈજ્ઞાનિક, એન્જિનિયર અને ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે. જેમાંથી G-૨૦દેશોના ૩૫ પ્રતિનિધિઓ એપણ સિંહ દર્શન કર્યા હતાં. ૪ x ૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલ આ દેવળીયા સફારી પાર્કના પ્રવાસ દરમ્યાન સિંહ, દીપડા, સાબર, હરણ સહિતના વન્યપ્રાણીઓને નજીકના અંતરેથી નિહાળવાની રોમાંચ અનુભવ્યો હતો. ઉપરાંત વન વિભાગના ગાઈડ દ્વારા એશિયાટિક લાયનના એકમાત્ર વસવાટ એવા ગીર નેશનલ પાર્ક અને અભયારણ્યની વિશેષતાઓથી અવગત કરાવ્યા હતા. સાથે જ સિંહ તેમજ અન્ય જીવોની લાક્ષણિકતાઓ વિશે પણ જાણકારી આપી હતી. G-૨૦ના આ ડેલિગેટ્સ આગમન વેળાએ જિલ્લા વહીવટી તંત્ર અને વનવિભાગ દ્વારા સુતરની આટી અને પુષ્પ આપી સસ્નેહ સ્વાગત કર્યું હતું. આ પ્રવાસ સંદર્ભેકલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં નાયબ વન સંરક્ષક શ્રી મોહન રામ, નિવાસી અધિક કલેકટર શ્રી પી.જી. પટેલ, પ્રાંત અધિકારી શ્રી નિશાબા ચુડાસમા સહિતના અધિકારીઓએ જરૂરી વ્યવસ્થાઓનું સંકલન સાથે મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

# જૂનાગઢનાં ગૌતમ ગેસ્ટ હાઉસમાં દ્વારકાનાં આધેડનો ગળાફાંસો ખાઈ આપઘાત

(ધીરૂ સોની દ્વારા)

જૂનાગઢ તા. ૧૯

જૂનાગઢમાં કાળવા ચોક ખાતે આવેલ ગૌતમ ગેસ્ટ હાઉસમાં દ્વારકાનાં આધેડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનો બનાવ બનવા પામતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવ અંગે પ્રાથમીક અહેવાલ અનુસાર જૂનાગઢ શહેરમાં કાળવા ચોક વિસ્તારમાં ગૌતમ ગેસ્ટ હાઉસ આવેલું છે ત્યાં રૂમ નં. ૬માં ઉતરેલા દ્વારકાનાં રહેવાસી બિપીનભાઈ નારણભાઈ વિઠ્ઠલાણી લોહાણા (ઉ.વ.૫૧)એ આજે સવારે રૂમનો દરવાજો નહી ખોલતા સફાઈ કરવા આવેલા કર્મચારીઓએ ગૌતમ ગેસ્ટ હાઉસનાં સંચાલકોને જાણ કરી હતી અને તપાસ કરતા રૂમ નં. ૬નોદરવાજોખુલ્યો ન હતો અને પોલીસનેજાણ કરતા બી ડીવીઝન પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન ગૌતમ ગેસ્ટ હાઉસનાં રૂમ નં. ૬માં ઉતરેલા દ્વારકાનાં બિપીનભાઈ નારણભાઈ વિઠ્ઠલાણી લોહાણા (ઉ.વ.૫૧)નો પંખા સાથે ગળાફાંસો ખાધેલો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને ઉતારી પંચનામુ સહિતની કાર્યવાહી હાથ ધરી છેઅને હાલ બનાવનું કારણ જાણવા મળેલ નથી. પીએમ રીપોર્ટ બાદ વધુ વિગત મળી શકે તેમ છે અને પોલીસ આ અંગે તપાસ ચલાવી રહી છે.

# માણાવદરનાં ભૂદેવો ગો ટેક-૨૦૨૩ રાજકોટમાં પાંચ દિવસ ગૌ ગાયત્રી યાગ યજ્ઞ કરશે

(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા. ૧૯

ભારતનો સૌ પ્રથમ ગાય આધારીત ટેકનોલોજીપ્રોડકટ અને ઉદ્યોગનાં પ્રમોશન માટે ગૌ ક્રાંતિનાં પ્રથમ ચરણ રૂપે આંતરરાષ્ટ્રીય ભારત વર્ષનો સૌ પ્રથમ ગો ટેક-૨૦૨૩માં ગોમાતા અને નદી બાબાનું સામાજીક સાંસ્કૃતિક અને ઐતિહાસીક મહિમાનું ગાન અને જળવાઈ રહે સાથે સાથે ગૌ પાલનથી રોજગારી મળે તેવા આશયથી ગો ટેક તા. ૨૪-૫-૨૩થી ૨૮-૫-૨૩ સુધી રાજકોટનાં રેસકોષનાં મેદાનમાં ગોટેકનું આયોજન કરાયું છે. આ આયોજન પૂર્વ મંત્રી અને ગો સેવા આયોજનાં પૂર્વ ચેરમેન ડો. વલ્લભભાઈ કથીરીયા દ્વારા કરાયું છે. જેમાં દરરોજ પાંચ દિવસ ગો ગાયત્રી યાગ યજ્ઞ થશે. રાજકોટનાં રેસકોષ મેદાનમાં ગો ટેકનાં વિરાટ પરીસરમાં ખાસ ઉભી કરાયેલ યજ્ઞ શાળામાં સવારનાં ૧૦ થી સાંજનાં પાંચ સુધી શ્રી ગો ગાયત્રી યાગ યજ્ઞનાં સંયોજક ગો ઉપાસક મયુર રાવલનાં માર્ગદર્શન હેઠળ શાસ્ત્રી મહેશભાઈ જોષી, અનિલકુમાર ત્રિવેદી, કમલેશભાઈ મહેતા, બ્રહ્મચારી સ્વામી વિશુધ્ધાનંદજી, ગાયત્રી પરીવાર રાજકોટવાળા હરીશભાઈ રાજયગુરૂ, પીનકભાઈ રાજયગુરૂ અને તેમની ટીમ સેવાઓ આપશે.

# માણાવદર ખાતે જોઈને વાહન ચલાવો તેમ કહી હુમલો : બે સામે પોલીસ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૯

માણાવદર ખાતે બનેલા એક બનાવમાં જોઈને વાહન ચલાવો તેમ કહી હુમલો કરવામાં આવેલ છે. આ બનાવમાં બે સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ફરીયાદી મિતરાજભાઈ જયેશભાઈ (ઉ.વ. ૧૮) રહે. ચીત્રકુટ સોસાયટી, બિલખા રોડ, જૂનાગઢવાળાએ રઝાક નામનાં માણસ તેમજ અજાણ્યા માણસ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે માણાવદરનાં ગોકુલનગર પાસો બનેલા બનાવમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી તથા તેમનાં મોટાબાપુજી પોતાની ઈકો કાર નં. જીજે-૦૩-એલબી ૧૫૮૭વાળી લઈને આવતા હતાં ત્યારે માણાવદર પાસે અચાનક એક ધણખુટ આ ઈકોની આડે પડતા આ ઈકો રોકેલ અને તે દરમ્યાન એક મોટર સાયકલમાં બે જણા જેમાં એકે ચશ્મા પહેરેલ હતાં. તે તથા બીજો રઝાક નામનો માણસ આવેલ અને કહેવા લાગેલ કે જોઈને વાહન ચલાવતા હોય તો તેમ કહી ફરીયાદી તથા તેમનાં મોટા બાપુજીને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ. જેમને ફરીયાદી તથા મોટા બાપુજીએ સમજાવતા આ ચશ્મા પહેરેલ માણસે ફરીયાદીને પકડી રાખી રઝાક નામનાં માણસે છરી વડે ફરીયાદીને મારી નાખવાના ઈરાદે ફરીયાદી ઉપર હુમલો કરી છાતીનાં ભાગે છરીનાં ઘા મારી ઈજાઓ કરેલ હોય તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી માર માર્યાની ફરીયાદ નોંધાવતાં માણાવદર પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨